Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

卐卐

# શ્રી આત્માનંદ પ્રકાશ



*

દીપાવલીની શુભકામના

આપણે ઇચ્છીએ કે સૌના દિલમાં દીપાવલીની સાચી જ્યોતિ પ્રગટે, જો સાચી જ્યોતિ પ્રગટશે તો દુષ્ટતા અને અજ્ઞાનરૂપી અંધકારને ભાગ્યા વગર છૂટકો નથી.

*

માનાર્હ તંત્રી : શ્રી કે. જે. દોશી એમ. એ.
માનાર્હ સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા એમ. એ. એમ. એડ્

પુસ્તક : ૮૬ ભાદરવો–આસો આત્મ સંવત ૯૪
સપ્ટેમ્બર–ઓકટોબર વીર સંવત ૨૫૧૪
અંક : ૧૧–૧૨ ૧૯૮૯ વિક્રમ સંવત ૨૦૪૫

卐卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્૨૨.૯

# અ નુ ક્ર મ ણિ કા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
| --- | --- | --- | --- |
| (૧) | શ્રી ગૌતમ સ્તુતિઃ | — | ૧૬૧ |
| (૨) | દીપ પર્વ | — | ૧૬૨ |
| (૩) | ધન્ય મુનિરાજ | લે. મનસુખલાલ તા. મહેતા | ૧૬૩ |
| (૪) | ભાગ નહિ, ભાવ | પૂ૦ મુનિશ્રી ચિત્રભાનુ | ૧૬૬ |
| (૫) | ભગવાન મહાવીરનો સંદેશ | લે. ચંદ્રિકાબેન વી. પંચાલી | ૧૬૭ |
| (૬) | ભારતિય સંસ્કૃતિ માનવ સંસ્કૃતિ છે | રાયચંદ મગનલાલ શાહ | ૧૭૦ |
| (૭) | ઊંડા અંધારેથી પ્રકાશના પંથે | કે. જે. દોશી | ૧૭૧ |
| (૮) | " મયણા–શ્રીપાળ " | ભાનુબેન કીર્તિકુમાર મહેતા | ૧૭૨ |
| (૯) | ગરીબ કોણ | કનૈયાલાલ વ્રજલાલ વાઘાણી | ૧૭૭ |
| (૧૦) | હિસાબ તથા સરવૈયા | — | ૧૭૮ |
| (૧૧) | સંસ્થા સમાચાર | — | ૧૮૧ |



## આ સભાના નવા આજીવન સભ્યશ્રીઓના નામ

૧. શ્રી શરદકુમાર પ્રતાપરાય મહેતા ભાવનગર
૨. શ્રી ચંદુલાલ પરસોતમદાસ કામદાર ભાવનગર
૩. શ્રીમતી જશુમતિબેન ચંદુલાલ કામદાર ભાવનગર
૪. શ્રી મહેન્દ્રકુમાર મુળચંદભાઈ વોરા ભાવનગર

**સભાસદ બંધુઓ અને સભાસદ બહેનો,**

સવિનય જણાવવાનું કે સં. ૨૦૪૬ કારતક સુદ ૧ ને સોમવાર ૩૦–૧૦–૮૯ ના રોજ બેસતા વર્ષની ખુશાલીમાં મંગળ પ્રભાતે આ સભાના સ્વ. પ્રમુખશ્રી શેઠશ્રી ગુલાબચંદભાઈ આણંદજી તરફથી પ્રતિવર્ષ કરવામાં આવતી દૂધ પાર્ટીમાં (૯–૩૦ થી ૧૧–૦૦) આપશ્રીને પધારવા અમારૂં સપ્રેમ આમંત્રણ છે તથા કાર્તિક સુદિ પાંચમને શુક્રવારે સભાના હોલમાં કલાત્મક રીતે જ્ઞાન ગોઠવવામાં આવશે તો દર્શન કરવા પધારશોજી.

આ.શ્રી વિજયકમળસૂરિશ્વરજી મ. સા.ની સ્વર્ગારોહણ તિથિ અંગે ગુરુભક્તિ નિમિત્તે તથા આ સભાના ભૂતપૂર્વ ઉપપ્રમુખ સ્વ. શેઠ ફતેહચંદ ઝવેરભાઇ શાહની જન્મતિથિ હોવાથી તેમના પુત્ર ભાઈ હિંમતલાલ તરફથી સ્વર્ગસ્થના આત્મકલ્યાણ અર્થે જૈન આત્માનંદ સભાના લાયબ્રેરી હોલમાં સં. ૨૦૪૫નાં આસો સુદ ૧૦ મંગળવારના રોજ શ્રી પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી અને પ્રભાવના કરવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### આ સભાના નવા આજીવન પેટ્રન

## શ્રેષ્ઠીવર્યશ્રી રાયચંદ મગનલાલ શાહની

# જીવન ઝરમર



અનેક સમાજસેવા સંસ્થાઓના પ્રેરક અને માર્ગદર્શક, નિડરવકતા અને ધર્મપ્રેમી શ્રેષ્ઠીવર્યશ્રી રાયચંદભાઇ ભાવનગરના વતની છે. લગભગ ૫૦ વર્ષથી મુંબઇને કર્મભૂમિ બનાવી છે

દ્રઢ મનોબળ, પરગજૂ સ્વભાવ, પ્રબળ ધર્મભાવના સાથે મુંબઇમાં જૈન શાસનસેવાના કામમાં સક્રિય કામ કરી રહ્યાં છે. મુંબઇમાં શ્રી વિજયદેવસૂર સંઘ, શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન દેરાસરમાં પ્રત્યેક વિભાગમાં સેવા આપતા રહ્યાં છે.

શ્રી ગોડીજી પાઠશાળાના સેક્રેટરી, ગોડીજી જ્ઞાનભંડારના મંત્રી તરીકે, તથા શ્રી જૈન સાધર્મિક સેવા સંઘના ટ્રસ્ટી તથા મંત્રી તરીકે તથા શ્રી વર્ધમાન સાધર્મિક સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે, શ્રી ઘોઘારી વીસાશ્રીમાળી જ્ઞાતિના માનદ્‌મંત્રીપદે તથા ઘોઘારી જૈન મિત્રના પ્રમુખ તરીકે, શ્રી અખિલ ભારત જૈન સંસ્કૃતિ રક્ષક સભાના માનદ્‌મંત્રીપદે, શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘના ખજાનચી તથા ટ્રસ્ટી તરીકે ઇત્યાદી અનેક સંસ્થાઓમાં પોતાની સેવાઓ તન-મન અને ધનથી સમર્પિત કરી છે. તદઉપરાંત જીવદયાના ક્ષેત્રે હજારો કુતરાઓને અભયદાન આપવાનું અને ગાયો, બકરા, પશુ પંખીઓને અભયદાન આપવાનું મોટા પાયા ઉપર ગજબનું કામ કર્યું છે.

શ્રી સાધર્મિક સેવા સંઘ અને વર્ધમાન સાધર્મિક સેવા ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે ખૂબ સેવા શકિત ખર્ચીને પુણ્ય કમાયા છે. શ્રી રાયચંદભાઇએ આ નીચે મૂજબનો લાભ લઈને જીવતરને ધન્ય બનાવી મુકિતનું ભાતુ બાંધ્યુ છે.

૧. શ્રી શંત્રુજય ગિરિરાજ ઉપર નવા આદીશ્વરની ઉપર ચોકીના ચૌમુખજીમાં શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરી છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨. શ્રી શંત્રુજય ગિરિરાજ ઉપર નૂતન જિનાલયની ભમતીમાં મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરી તથા ધ્વજા પ્રતિવર્ષ ચઢાવવાનો આદેશ લીધો છે.

૩. શ્રી શત્રુંજય તીર્થની તળેટીમાં શ્રી કેસરિયાજી મંદિરમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના ગભારામાં શ્રી જીરાવાલા પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ટા કરી છે.

૪. પાલીતાણામાં આરિસા ભુવન ધર્મશાળામાં શ્રી શાંતિનાથ જૈન પ્રાસાદમાં શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરી છે. એમના મોટા બહેન જડીબહેને શ્રી મહાવીરસ્વામી બીરાજમાન કર્યા છે.

૫. ભાવનગરમાં વડવામાં શ્રી આદીશ્વર ભગવાન બીરાજમાન કર્યા છે–પ્રતિષ્ઠા કરી છે.

૬. શ્રી આબુજી તીર્થમાં વસ્તુપાળ-તેજપાળની ટુંક લુણવસહીમાં શ્રી અજીતનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરી તથા ધ્વજાનો કાયમી આદેશ લીધો છે.

૭. મહેસાણામાં બે પ્રતિમાજીની અંજનશલાકાનો લાભ લીધો છે.

૮. પાલીતાણામાં કેસરીયાજી મંદીરમાં બે પ્રતિમાજીની અંજનશલાકાનો લાભ લીધો છે.

૯. મુંબઇમાં પાયધુની ઉપર શ્રી મહાવીરસ્વામી દેરાસરમાં શ્રી પદ્માવતી માતાજી બીરાજમાન કર્યા છે.

૧૦. સિદ્ધક્ષેત્રમાં આગમ મંદિરમાં શ્રી લબ્ધિસાગર જૈન ઉપાશ્રયમાં મૂખ્ય હોલ ઉપર "શ્રેષ્ઠીવર્યશ્રી રાયચંદ મગનલાલ શાહ આરાધના હોલ" નામ આપી જીવન કૃતાર્થ કરેલ છે.


૧૧. શાન્તિસ્નાત્ર, અષ્ટોત્તરીસ્નાત્ર, સિદ્ધચક્ર પૂજન, અઢાર અભિષેક વિગેરે અનુષ્ઠાનો કરાવી, વીતરાગ પરમાત્માની વિશિષ્ટ ભક્તિનો પણ લાભ લીધો છે.

૧૨. તીર્થયાત્રાનો પણ સારો લાભ લીધો છે અને બીજાઓને લેવડાવ્યો છે.

જૈન ધાર્મિક શિક્ષણ સંઘના ખજાનચી તથા ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છે અને સામાજિક, ધાર્મિક તેમ જ વ્યવહારિક પ્રવૃત્તિઓમાં જીવનનો મોટોભાગનો સમય વ્યતિત કરી રહ્યા છે

સારા લેખક. કાર્યકર્તા અને વકતા તરીકેના સદ્ગુણો ધરાવે છે.

આ સભાના પેટ્રન થવા માટે ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.
માનદ્ સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા એમ.એ.; એમ.એડ.

વર્ષ : ૮૬ ] વિ. સં. : ૨૦૪૫ : સપ્ટેમ્બર-ઓકટોબર [ અંક : ૧૧-૧૨

॥ श्री गौतमस्तुतिः ॥

वीरभक्तो गुरुरक्तो शिष्यप्रेमी गुणग्रामः ।
लब्धिसिद्धिज्ञानदाता गौतमः शिवायास्तु नः ॥ १ ॥

गणानां नायकश्चैव पृथ्वीसुतः क्षमाव्रती ।
इन्द्रभूत्यपरनामा गौतमः शिवायास्तु नः ॥ २ ॥


अहिंसासंयमधारी तपोव्रतसमन्वीतः ।
रिद्धिसिद्धिमुक्तिदाता गौतमः शिवायास्तु नः ॥ ३ ॥

— 'रक्ततेजः'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દીપ પર્વ

મહાવીર ભગવાન કા પાવન પ્યારા નામ,
દીપ પર્વ પર હમ કરેં શ્રદ્ધાભરા પ્રણામ. ॥ ૧ ॥

ત્રિશલામાંકે લાલ થે અનુપમ ગુણ કે ધામ,
સિદ્ધારથ નૃપ પુત્ર જો, મુક્તિદૂત અભિરામ. ॥ ૨ ॥

સંયમ સે કી સાધના સમભાવોં કે સાથ,
શૂન્યવનો મેં નિત્ય સહે દેવ-મનુજ ઉત્પાત, ॥ ૩ ॥

ધરતી-અમ્બર સે બને, સ્થિર વિરાટ-નિર્લેપ,
અન્તર્મુખ બન આપને કિયે કર્મ સંક્ષેપ. ॥ ૪ ॥

પાયા કેવલજ્ઞાન ફિર, દિયા જગત કો જ્ઞાન,
ભવ્ય આતમાએ જગી પગી પરમ વિજ્ઞાન. ॥ ૫ ॥

પ્રભુકી પાવન દેશના, જો ધારે નર-નાર,
શાન્તિ સૌખ્ય સંસાર મેં, આયે નયી બહાર. ॥ ૬ ॥

રાગદ્વેષ મેં ઉલઝકર, કરતા ક્યૂં તકરાર,
સમતા સાધક બન સદા, બહા પ્રેમ કી ધાર. ॥ ૭ ॥

જીવન હીરા શ્રેષ્ઠ હૈ જ્ઞાનનયન સે જોય,
ગફલત મેં જો ગિર ગયા, નહીં મિલેગા તોય. ॥ ૮ ॥

દીવાલી દિન મેં કરે સદ્‌ગુણ પ્રકાશ,
જિસસે માનવ લોકમેં બઢે સમ્પ વિશ્વાસ, ॥ ૯ ॥

"જૈન જગત" માંથી સાભાર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધન્ય મુનિરાજ !

લે. : મનસુખલાલ તા. મહેતા

કૌશાંબી નગરીમાં એ વખતે લગ્નની મોસમ ચાલતી હતી. ઘેર ઘેર લગ્ન હતાં અને આજે જેમ આમ્રફળની વિવિધ જાતોમાં કેશર કેરી સૌથી શ્રેષ્ઠ ગણાય છે, તેમ તે વખતે મિષ્ટાન્નની વિવિધ વાનીઓમાં સિંહકેશર લાડુ બહુ વખણાતા. ભોજન-સમારંભમાં સાત વાનાની સુખડી કરી હોય, પણ તેમાં જો સિંહકેશર લાડુ ન હોય તો તે ભોજન નીરસ ગણાતું.

એ વખતે મહાન તપસ્વી શ્રી સુવ્રત મુનિ વિચરતાં વિચરતાં ત્યાં આવી પહોંચ્યા. તેમનામાં તપનું તેજ આગળ તરી આવતું હતું. છૂટા મોંએ તો ભાગ્યે જ ખાવાનું હોય. છઠ્ઠ, અઠ્ઠમના તપથી આગળ વધી હવે તો માસખમણના પારણે માસખમણ કરતા, અને એક મહાન તપસ્વી મુનિરાજ તરીકે તેમનું નામ ચારે તરફ પ્રખ્યાત થઈ ગયું હતું.

જૈન સાધુઓને શાસ્ત્રમાં વિવિધ ઉપમાઓ આપવામાં આવી છે. એક જ ઠેકાણેથી ગોચરી ન લેવાના કારણે તેમને ભ્રમર જેવા કહેવામાં આવે છે. કામભોગરૂપી કાદવમાંથી જ ઉત્પન્ન થયેલા હોવા છતાં. તેનાથી અલિપ્ત રહેતા હોવાથી તેમને કમલ જેવા પણ કહેવામાં આવે છે. હરણ જેમ પારધિથી ઉદ્વિગ્ન રહે છે. તેમ સંસારરૂપી પારધિના ભયથી જૈન સાધુઓ હંમેશા ઉદ્વિગ્ન રહે છે, એટલે તેમને મૃગની જેવા પણ કહેવામાં આવે છે. સાપ જેમ એકદષ્ટિ હોય છે, તેમ ભિક્ષા માગવા જનાર સાધુની પણ સંયમ તરફ એકદષ્ટિ રહે છે. તેમજ સાપ જેમ દરની આજુબાજુની જમીનને અડકયા વિના અંદર પેસે છે, તેમ સાધુઓ પણ અન્નને સ્વાદ માટે મોંમાં મમળાવ્યા વિના ખાય છે, એટલે તે અપેક્ષાએ સાપ જેવા પણ કહેવાય છે. જૈન સાધુ મનનશીલ હોવાથી મુનિ કહેવાય છે. ક્ષમાશીલ અને અક્રોધી હોવાથી ક્ષાન્ત કહેવાય છે, ઇન્દ્રિયોનુ દમન કરતા હોવાથી દાન્ત કહેવાય છે અને એક સ્થાને સ્થિર ન રહેતાં વિચર્યા કરનારા હોવાથી ચરક પણ કહેવાય છે. પાપનો સર્વ પ્રકારે ત્યાગ કર્યો હોવાથી પરિવ્રાજક, બાહ્ય અને અભ્યંતર ગ્રંથિઓ વિનાના હોવાથી નિર્ગ્રંથ, સંસારને તરી સામે કિનારે જવા ઈચ્છતા હોવાથી તીરાર્થી અને હિંસાદિમાંથી નિવૃત્ત થયેલા હોવાથી વિરત પણ કહેવાય છે.

આવા સુવ્રત મુનિરાજ એક દિવસે માસખમણને પારણે ગોચરી અર્થે નીકળી પડયા. પારણું કર્યા પછી બીજા દિવસથી જ પાછી એક માસના ઉપવાસની તપશ્ચર્યા શરૂ થવાની હતી, એટલે મુનિરાજે વિચાર્યું કે આહારની કોઇ પૌષ્ટિક વસ્તુ ગોચરીમાં મળે તો ઠીક. છેલ્લા પારણા વખતે ચોસઠદ્રવ્યયુકત કૌશાંબીના સુપ્રસિદ્ધ સિંહકેશર લાડુનો સ્વાદ કર્યો હતો. જેની સુગંધ અને સ્વાદ મુનિરાજની દાઢમાં રહી ગયા હતા.

બધી ઇન્દ્રિયોમાં સૌથી વધારે બલવાન અને અદમ્ય ઈન્દ્રિય તે જીભ છે. આ જીભ અનેક અનર્થોનું મૂળ છે. શાસ્ત્રકારોએ જીભને રસોની લાલચું, રોગ માત્રની જન્મભૂમિ અને બીજી તમામ ઇન્દ્રિયોને મારનારી અને તારનારી, યોગારૂઢને પણ બલાત્ ખેંચી નીચે ઢસડનારી અને સૌ કામનાને જન્માવનારી કહી છે, આ જીભ રસની લોભિયણ અને હુલ્લડ મચાવનારી મનાઈ છે.

જીભના સ્વાદને વશ થઈ તપસ્વી મુનિરાજ પણ સિંહકેશર લાડુની શોધમાં એક ઘેરથી બીજા ઘરે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ફરે છે, પણ એ લાડુનો ક્યાંય જોગ ખાતો નથી. ભક્તજનો મુનિરાજને દૂધ, રાબ, મગ અને વિવિધ વસ્તુઓ વહોરાવવા મહેનત કરે છે, પણ મુનિરાજ તો 'ખપ નથી' એમ કહી ત્યાંથી પાછા ચાલી નીકળે છે. ગોચરીમાં પૂરતો અગર બિલકુલ આહાર ન મળે, તો તેનો શોક ન કરતાં તેને તપ સમાન ગણીને સહન કરી લેવું, એ શાસ્ત્રનું સૂત્ર મુનિરાજ ભૂલી ગયા.

જીવન અને સંસારમાં વિવેક અને વિચારપૂર્વક વર્તવું એ પણ તપનો એક શ્રેષ્ઠ પ્રકાર છે, અને તેથી જ કહેવાય છે કે-**विचारपूर्विका वृत्तिर्जीवने तप उच्यते**-અર્થાત્ જીવનમાં વિચારપૂર્વક વર્તવું એટલે તપ. જે તપના પરિણામે મન માઠું ચિંતન ન કરે, તેમજ ઇન્દ્રિયો અને યોગોની હાનિ ન થાય તે જ તપ કરવા યોગ્ય છે. તેથી જ કહ્યું છે કે-**तदेव हि तपः कार्यं दुर्ध्यानं यत्र नो भवेत्**-અર્થાત્ તે જ તપ કરવા યોગ્ય છે કે જ્યાં માઠું (આર્ત્ત અને રૌદ્ર) ધ્યાન ન થાય.

શ્રી સુવ્રત મુનિ સિંહકેશર લાડુની ધૂનમાં વિવેક અને વિનય ચૂકી ગયા અને પછી તો શરમ છોડી દઇ ઘરે ઘરે જઇ સામેથી જ પૂછવા લાગ્યા કે, 'સિંહકેશર લાડુનો જોગ છે કે નહીં'?' ખરેખર! માણસ જેનું ચિંતન કરે તેમાં જ તેનું ચિત્ત તદાકાર થઇ જાય છે. મુનિરાજનું મન પણ સિંહકેશર લાડુમય થઇ ગયું અને તે ભિક્ષાચર્યાના નિયમો ભૂલી ગયા. ધર્મ વૃત્તિને પોષવામાં નહિ પણ શોષવામાં છે એ વાત જ મુનિરાજ વીસરી ગયા. 'ચિત્તને નાના પ્રકારની વૃત્તિ અર્થાત્ સ્વરૂપો ધારણ કરતું અટકાવવું' એ યોગના સાદા અને સરળ નિયમનું મુનિરાજને વિસ્મરણ થઈ ગયું.

મુનિરાજની રસેન્દ્રિયે તેમના સાન અને ભાનને ભૂલાવ્યા. મધ્યાહ્ન કાળ થઇ ગયો. પણ મુનિરાજને ક્યાંયથી સિંહકેશર લાડુનો જોગ ન થયો. એટલે શહેરના બધા વિભાગો ફરી વળ્યા, પછી તો 'ધર્મલાભ'ને ભૂલી જઇ ઘરમાં જતાં જ 'સિંહકેશર લાભ' બોલી પ્રવેશ કરવા લાગ્યા. આ જોઇ લોકોને લાગ્યું કે મુનિરાજના મગજની કમાન છટકી ગઈ છે.

સૂર્ય અસ્ત થયો અને રાત્રિનાં અંધારા પથરાવા માંડ્યાં, તેમ છતાં મુનિરાજની સિંહકેશર લાડુ માટેની કૂચ અવિરતપણે ચાલુ જ રહી રાત્રિના નવનો સમય થયો. બાળકો, યુવાનો અને પ્રૌઢો તો શયનગૃહમાં જઇ નિદ્રામાં પોઢી ગયા. કોઈ કોઇ ઘરમાં બિચારા વૃદ્ધજનો અર્ધ જાગૃત અવસ્થામાં પડી રહ્યાં હતા. મુનિરાજ એ સમયે એક ભક્તજનનાં ઘરમાં ગયા અને ભાગ્યયોગે એ ઘરના મુખ્ય વડીલ એક સુશ્રાવક સુવાની તૈયારી કરતો હતો, તેની પાસે જઇ 'સિંહકેશર લાડુનો જોગ થઈ શકે તેવું છે?' કહી ઉભા રહ્યાં.

પ્રથમ તો શ્રાવક રાત્રિના આવા વખતે મુનિરાજને આવેલા જોઇ આભો બની ગયો; પણ બીજી જ પળે, એણે તપસ્વી મુનિરાજના માનસને ઓળખી લીધું. શ્રાવક તત્ત્વજ્ઞ, શાસ્ત્રોનો જાણકાર અને માનવ સ્વભાવનો પૂરો અભ્યાસી હતો. એને લાગ્યું કે મુનિરાજ આચારપતિત નથી, પણ સંયોગવશાત્ પરિસ્થિતિને વશ થઇ ગયા છે. સિંહકેશર લાડુની ઇચ્છા પાછળ સ્વાદની અપેક્ષા હોવા છતાં ભાવના તો ઉચ્ચ હતી. એક માસના ઉપવાસ બીજા દિવસથી શરૂ કરવાના હતા અને એ તપ દરમિયાન શક્તિ ટકી રહે એવી શુભ ભાવના પણ મુનિરાજના મનમાં ઘર કરી બેઠી હતી. ભાવના શુભ હોવા છતાં તેમાં વિવેક અને સાધુધર્મનો લોપ થઈ ગયો હતો. ઉન્માદ અને ઘેલછાને કારણે માનવી ઘણી વખત ન કરવાનું કરી બેસે છે. પણ એવા પ્રસંગે તેને સ્થિર કરવા માટે તેનો તિરસ્કાર કે ધૃણા ન કરતા તેની ઘેલછા કે ઉન્માદ દૂર થાય તેવી જાતના યોગ્ય પ્રયત્નો કરવા જોઇએ. આવેશમાં આવી જઈ કોઇ ન કરવા જેવું કૃત્ય કરી નાખે. તો તેને હંમેશા ક્ષમા આપવી જોઇએ. તેને તિરસ્કાર નહિ પણ પ્રેમ આપવો જોઈએ, કારણ કે જગતના ખરાબમાં ખરાબ માણસમાં પણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સારામાં સારા માણસનો કાંઇક અંશ રહેલો જ હોય છે. आत्मवत् सर्व भूतेषु–ની પાછળ આ જ ભાવના રહેલી છે. માનવસમાજની એ ભારે કરુણતા છે કે યોગ્ય ચિકિત્સકો દ્વારા તનના રોગીઓની તે જ્યારે પૂરતી કાળજી લે છે, ત્યારે મનના રોગીઓને જેલની ચાર દીવાલો વચ્ચે ધકેલી દે છે. શરીર, મન અને આત્મા એ ત્રણેમાં જ્ઞાનદૃષ્ટિએ ભિન્નતા અને ભેદ સ્પષ્ટ હોવા છતાં વ્યવહારદૃષ્ટિએ તો એ ત્રણે અભિન્ન છે, એક–બીજા સાથે જોડાયેલાં છે એ ગહન સત્ય માનવી ભૂલી જાય છે.

શ્રાવક તો મુનિરાજને જોઇ તરત જ તમામ પરિસ્થિતિ સમજી ગયો. એટલે મુનિરાજને ભાવપૂર્વક વંદન કરી કહ્યું: 'મુનિરાજ! સિંહકેશર લાડુ તો તાજા જ આવ્યા છે.' પછી અંદર જઇ સિંહકેશર મોદકથી ભરેલો એક મોટો થાળ લઈ આવ્યો. અને તે જોઈને મુનિરાજના અંગેઅંગમાં આનંદ છવાઇ રહ્યો. મુનિરાજે પાત્રાં નીચે મૂક્યાં એટલે શ્રાવકે તમામ પાત્રાં મોદકોથી ઠાંસોઠાસ ભરી દીધાં.

મુનિરાજ જેવા પાછા ફરે છે કે તરત જ શ્રાવકે બે હાથ જોડી કહ્યુ : 'મુનિરાજ! આપ જેવા મહાત્માનાં પગલાંથી મારૂં ઝુંપડું પાવન બન્યું છે. આપ જેવા મહાન તપસ્વીનાં પગલાં મારા ઘરમાં થાય તેને હું મારૂં અહોભાગ્ય માનું છું. જૈનધર્મ પાળવા છતાં મારૂં કમનસીબ એ છે કે હું ક્ષત્રિયજાતિનો નહિ પણ વણિક છું. આપ જાણો છો કે વણિકના લોભને થોભ હોયજ નહિ, એટલે આપની રજા હોય તો એક શંકા પૂછું!'

મુનિરાજ હવે અસ્થિરમાંથી સ્થિર થવા લાગ્યા હતા એટલે શ્રાવકને જે શંકા હોય તે પૂછવા કહ્યું, એટલે શ્રાવકે કહ્યું :

'यस्य धृतिस्तस्य तपो यस्य तपस्तस्य
सुगतिः सुलभा ।
येऽधृतिमन्तः पुरुषास्तपोऽपि खलु
दुर्लभं तेषाम् ॥'

'આ શ્લોકનો અર્થ મને સમજાતો નથી, આપ તે ન સમજાવો?'

મુનિરાજે કહ્યું : એનો અર્થ એમ થાય છે કે જેને ધૃતિ છે, તેને તપ સંભવી શકે છે અને જેનામાં તપ છે, તેને જ મોક્ષગતિ સુલભ છે. અને જેનામાં ધૃતિ નથી તેનામાં તપ દુર્લભ છે'

શ્રાવકે વિનયપૂર્વક પૂછયું : 'પરંતુ મુનિરાજ! ધૃતિનો અર્થ શું તે જ મને સમજાતું નથી!' મુનિરાજ વિચારમાં પડયા. પાત્રામાં મોદકો પડયા પછી મુનિરાજનું ધ્યાન ત્યાં કોડિયાની સળગતી દિવેટના પ્રકાશ પર પડયું હતું. તેમને ભાન આવવા લાગ્યું કે રાત્રિનો સમય થઈ ગયો છે અને પોતે સવારથી જ ગોચરી અર્થે નીકળ્યા છે ધૃતિનો અર્થ સમજાવતાં મુનિરાજે કહ્યું તો ખરૂં કે ધૃતિ એટલે સ્થિરતા, ધૈર્ય–ધીરજ. પણ તે જ વખતે તેમને પોતાની સાચી પરિસ્થિતિનું પણ જ્ઞાન થયું. મુનિરાજ વિચારવા લાગ્યા કે, 'અહાહા! હું તપસ્વી મુનિ, પંચ મહાવ્રતનો અધિકારી, માસખમણના પારણા અર્થે સિંહકેશર લાડુ જેવી તુચ્છ વસ્તુમાં પાગલ બની મનની સ્થિરતા ગુમાવી બેઠો! મને તપનો અધિકાર જ કયાં રહ્યો? જ્યાં સ્થિરતા નથી, જ્યાં ધીરજ નથી, જ્યાં ધૈર્ય નથી, ત્યાં વળી તપ સંભવે જ કેમ?'

મુનિરાજની આંખોમાંથી પશ્ચાત્તાપનાં આંસુની ધારા અસ્ખલિતપણે વહેવા લાગી અને ગદ્‌ગદ્ કંઠે શ્રાવકને સંબોધી કહ્યું : તત્ત્વજ્ઞ શ્રાવક! તમે ભલે વણિકકુળમાં જન્મ લીધા. પણ આજે તો તમે મારા ગુરુનું કાર્ય કર્યું છે. વેશની દૃષ્ટિએ હું તમારો ગુરુ, પણ તત્ત્વદૃષ્ટિએ તો તમે જ મારા ગુરુ. પતનના ભયંકર માર્ગ પર હું ઘસડાઇ રહ્યો છું, એ ભાન મને અતિહડાપણપૂર્વક કરાવ્યું છે.'

પછી તો મુનિરાજે એ જ શ્રાવકના ઓરડામાં નિર્દોષ ભૂમિ યાચી, આખી રાત ત્યાં જ કાઉસ્સગ્ગ ધ્યાનમાં ગાળી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રાત.કાળે મુનિરાજે નગર બહાર જઈ શુદ્ધ ભૂમિ શોધી પાત્રામાંથી સિંહકેશર મોદક કાઢી તેનો ચૂરો કરવા માંડયો અને જે કર્મોનો અનેક જન્મોની આકરી તપશ્ચર્યાથી નાશ ન થઈ શકે તે કર્મોનો પશ્ચાત્તાપની પ્રચંડ અગ્નિ વડે નાશ કરી નાખ્યો.

એક બાજુ સિંહકેશર મોદકના ચૂરેચૂરા થઈ ગયાં અને બીજી બાજુ મુનિરાજના ઘાતીકર્મોના પણ ચૂરેચૂરા થઇ ગયા અને ત્યાં જ તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

આવા મુનિરાજને કોટિ કોટિ વંદન !

આવા શ્રાવકને પણ ધન્યવાદ !

# ભાગ નહિ, ભાવ.

હમણા થોડા વર્ષ પહેલાની જ આ વાત છે. નવદ્વીપમાં રામમણિ અને રઘુમણિ એ બંને ભાઇઓ મહાપંડિતો તરીકે જાણીતા હતા. એમને જેમ વિદ્યા વરી હતી તેમ લક્ષ્મી પણ મળી હતી. બંને વચ્ચે પ્રેમ એવો કે જાણે પુષ્પ અને પરાગ. એક દિવસે મોટાભાઇ રામમણિએ જ કહ્યું : "રઘુ ! હવે આપણે આ મિલ્કત વ્હેંચી નાંખીએ."

"મોટાભાઇ ? તમે આ શું બોલ્યા ? મૂર્ખાઓ તો જુદા થાય. પણ આપણે પંડિતો પણ જુદા થઈશું ?"

રામે પ્રેમથી કહ્યું : "આપણે જુદા થોડા જ થઈએ છીએ ? આપણને કોણ જુદા પાડી શકે તેમ છે ? આ તો મિલ્કત છોકરાઓને વ્હેંચી દઇએ જેથી આ તુચ્છ વસ્તુ માટે એ લોકો ભવિષ્યમાં લડીને વેરઝેર ન કરે."

રામને ત્રણ પુત્ર હતા. રઘુને એક જ. રામે મિલ્કતના બે ભાગ પાડયા. એક ભાગમાં પોતાના ત્રણ પુત્ર અને બીજામાં નાના ભાઈનો એક પુત્ર. આ ભાગથી ખુશી થવાને બદલે નારાજ થઇ રઘુએ કહ્યું : "ભાઈ ! તમે આ શું કર્યું ? આપણે જુદા થતા હોત તો બે ભાગ પડત. પણ આપણે તો પુત્રોને વ્હેંચણી કરી આપીએ છીએ. માટે ચાર સરખા ભાગ પાડો અને પુત્રોને સરખા વ્હેંચો તો જ મને સુખ થાય." એમ કહી, એણે પોતે જ ચાર ભાગ વ્હેંચી આપ્યા !

—પૂ૦ મુનિશ્રી ચિત્રભાનુ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીરનો સંદેશ

લેખિકા : શ્રી ચંદ્રિકાબેન વી. પંચાલી બોટાદ



બીજમાં વૃક્ષ સુષુપ્ત પડ્યું છે. તેને પ્રકાશ, પાણી અને પવન મળે તો બીજ અંકુરિત બને છે. અને ક્રમે ક્રમે તે એક વિશાળ વૃક્ષમાં પરિણમે છે. તેમ આત્મામાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત આનંદ, અનંતવીર્ય જેવી અનંત શક્તિઓ રહેલી છે. તે સાધના દ્વારા સમ્યક પુરુષાર્થથી અભિવ્યક્ત થાય છે. ભગવાન મહાવીરના સંદેશમાં જૈન મતાનુયાયી સિમિત નથી. જૈન એ વ્યક્તિ-વાચક શબ્દ નથી પણ ગુણપ્રધાન શબ્દ છે. જે આત્માના અસીમ આનંદમાં લીન રહે છે અને પરપદાર્થોથી વિજય મેળવે છે તેને જૈન કહેવાય છે. जि, जयति પરથી જૈન શબ્દ બન્યો છે, આવો જૈન મુક્ત હોય છે. બંધનરહિત, સમાધિસ્થ અને અનંતમાં વિરમીત હોય છે. કૃષ્ણતા, હતાશા, નિરાશા અને વ્યથા રહિત હોય છે. જે શાંત, નિરવ, સંગીતમાં લીન છે, દ્રષ્ટાઓનું દર્શન છે. મર્મીઓની ચરમ કાલાતીત ક્ષણ છે, એવી અખંડ એકરૂપતામાં જૈન વિહાર કરે છે.

ભગવાન મહાવીરના સંદેશમાં અકારત્રયી છે. અહિંસા, અપરિગ્રહ, અને અનેકાન્ત. વર્તમાન વિશ્વની સમસ્યાઓનો ઉકેલ અકારત્રયી આપી જાય છે. અહિંસા ભગવાન મહાવીરના સંદેશનું પ્રથમ સોપાન છે. "अहिंसा परमो धर्मः" એ પરમ સૂત્ર છે. અહિંસા એટલે હિંસામાં વિરતી. હિંસાનો સ્થૂળ અર્થ છે પ્રાણીવધ. ભારતીય ધર્મોના ઇતિહાસમાં વિશેષતઃ જૈન ધર્મના સંબંધે અહિંસા તત્વને સૂક્ષ્મ રૂપથી સમજાવ્યું છે. અન્ય દર્શનો અહિંસા વિષે લખે છે. અને પાતંજલયોગ-ભાષ્ય લખે છે—

अहिंसा सर्वथा सर्वदा,
सर्वभूतागाम् अनभिद्रोहः ।।

અર્થાત્ કોઇપણ પ્રકારથી કોઇપણ જીવને પીડા ન આપવી તે અહિંસા છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા અહિંસાનું મુલ્ય અનાસકિત યોગમાં નિરૂપે છે. અહિંસાનો અર્થ ભિન્નતાથી થયો છે. આચાર્ય અભિબન્ધુ "અભિધર્મ" ૪-૩૭માં કહે છે કે—

प्राणातिपातः संचिन्त्य परस्याभ्रान्तिमारणम् ।

અર્થાત્ મારવાની ઇચ્છાથી બીજા પ્રાણીનું ભ્રાન્તિ રહિત અચૂક મરવું તે જ પ્રાણાતિપાત છે. જૈન દર્શનમાં ઉમાસ્વામી આચાર્ય તત્વાર્થ સૂત્ર ૭-૮માં કહે છે योगात व्यपरोणं हिंसा। પ્રમત્તયોગથી થવાવાળો પ્રાણીવધ હિંસા છે. પ્રમત્તયોગ એટલે રાગદ્વેષયુકત રાગદ્વેષનાં પરિણામ પણ જૈન દર્શનમાં હિંસા રૂપે સ્વીકાર્યા છે.

જૈન દર્શનમાં દ્રવ્યહિંસા અને ભાવહિંસા એમ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બે પ્રકાર બતાવ્યા છે. પ્રાણીવધ, સ્થૂલહિંસા તે દ્રવ્યહિંસા અને રાગદ્વેષયુક્ત વિભાવરૂપ આત્માનું પરિણામ તે ભાવહિંસા છે. નાનામાં નાના – સૂક્ષ્મ જીવને અજાણતા દુઃખ પહોંચે તે હિંસા છે. તેની ક્ષમા તે જૈનત્વ છે. આજના વર્તમાન સમયે યુદ્ધની ભૂમિકા સર્જાય છે. રાષ્ટ્રો રાષ્ટ્રો વચ્ચે શસ્ત્રવૈમનસ્ય વધ્યું છે. ત્યારે ભગવાન મહાવીરનો " અહિંસા-સંદેશ " સુધારસ સમાન બની રહે છે.

અપરિગ્રહ દ્વારા વિશ્વનાં પ્રશ્નોનું નિરાકરણ થઈ જાઈ છે. **परि**=ચોમેરથી, **ग्रह**=ઘેરાયેલો તેપરિગ્રહી. પરંતુ સર્વથી મુક્ત આત્મા અપરિગ્રહી છે એવો સ્થૂલ અર્થ છે. ઉમાસ્વામી તત્વાર્થ સૂત્ર ૭-૧૨ માં લખે છે– **मूर्च्छा परिग्रहः ।** અર્થાત્ આસક્તિ તે પરિગ્રહ. અમૃતચંદ્ર આચાર્ય એમના "પુરુષાર્થ સિદ્ધિ ઉપાય"—૧૧૧માં કહે છે કે—

**या मूर्च्छा नामेयं विज्ञातायः परिग्रहो ह्येषः ।**
**मोहोदयादुदीर्णो मूर्च्छा तु ममत्वपरिणामः ॥**

અર્થાત્ જે મૂર્ચ્છા છે તેને જ નિશ્ચયથી પરિગ્રહ જાણવો. મોહના ઉદયથી ઉત્પન્ન થયેલ મમત્વરૂપ પરિણામ જ મૂર્ચ્છા છે. જૈનદર્શનમાં પરિગ્રહના બે ભેદ છે. અંતરંગ પરિગ્રહ અને બાહ્ય પરિગ્રહ. અંતરંગ પરિગ્રહના ચૌદ પ્રકારો છે. બહિરંગ પરિગ્રહના બે પ્રકાર છે– ચેતન અને અચેતન પરિગ્રહ. અંતરંગ પરિગ્રહમાં આત્માના પરિણામ ઉપર અને બાહ્ય ચેતન – અચેતન પદાર્થ ઉપર મમત્વ પરિણામ તે પરિગ્રહ છે. આનાથી આત્મલીનતાનો નાદ ઉઠી શકતો નથી આત્મ સ્થિરતા માટે અપરિગ્રહનો સંદેશ ભગવાન મહાવીરે આપ્યો છે. જગતને જે પદાર્થો તરફથી મૂર્ચ્છાવળી છે જેના કારણે માનવતાના ધર્મનો પ્રેમના પોતને, સહિષ્ણુતાના સાગરને, સરળતાની સરિતાને એક બાજુ રહેવા દઈ અહમ્ તત્વને આગળ લાવીને સંગ્રહ કરવામાં માનવ સમુદાય પડયો છે. જેને દિવ્યતા, ભવ્યતા, અને મુક્તિના નાદને ગજવવાનો છે તે પરિગ્રહમાં પરિમિત બન્યા છે. ત્યારે ભગવાન મહાવીરનો સંદેશ અપરિગ્રહ ઉકેલનો ઉપાય છે. મહાત્માગાંધી પરિગ્રહ વિષે લખે છે " વાસ્તવમાં પરિગ્રહ માનસિક વસ્તુ છે, મારી પાસે લોટી, દોરી કે લંગોટી છે તેના અભાવમાં મને કલેશ થાય તો મારે માટે તે પરિગ્રહ છે. પણ જો કોઇને મોટા કામળાની જરૂર પડે અને રાખે તેમ જ ખોવાઈ જતા કલેશ ન કરે તે અપરિગ્રહ છે.

ભગવાન મહાવીરે વાદોનો અંત કરવા માટે અનેકાન્ત સિદ્ધાંતનો ઉપદેશ આપ્યો. આજે અનેકાન્તવાદથી આ સિદ્ધાંતનો પ્રસાર–પ્રચાર, થયો છે. કિન્તુ નવો વાદ નથી નવી વિચાર દૃષ્ટિ છે જ્યારે ભારતના ખૂણે ખૂણે શાસ્ત્રાર્થ અને વાદવિવાદનો સંઘર્ષ પરસ્પર જન્મ્યો, અનેક સ્થળોએ વાગ્યુદ્ધ થવા લાગ્યા, અનેક ઋષિ આશ્રમમાં, વિહારોમાં, મઠોમાં, ગુરુકુલમા અનેક વાદો પ્રચલિત બન્યા ત્યારે અનેકના અંત માટે ભગવાન મહાવીરે એકતાના દ્વાર ખોલ્યા. આ પણ સાથ છે તો બીજી અપેક્ષાએ તે પણ સત્ય છે તેને માટે સત્ય પગથિયા છે. (१, स्यात् अस्ति, २) स्यात् नास्ति, (३) **स्यात् अस्ति च नास्ति.**(४)**स्यात च** अवक्तव्यः, (५) **स्यात् अस्ति च अवक्तव्यः**, (६) **स्यात् नास्ति च अवक्तव्यः**, (७) **स्यात् अस्ति च नास्ति च अवक्तव्यः** । આ છે પણ બીજાની અપેક્ષાએ આ નથી. એક જ પદાર્થમા છે અને નથી બંનેનું અસ્તિત્વ છે તે છે અને નથી યુગપદ છે બંને માટે એક સાથે બોલી નહી શકીએ તે અવક્તવ્ય છે 'છે' તે અવક્તવ્ય છે. 'નથી' તે અવક્તવ્ય છે. છે અને નથી તે સાથે અવક્તવ્ય છે. નયવાદની દૃષ્ટિથી સંગ્રહનય, વ્યવહારનય, ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢનય. સર્વભૂતનય, નૈગમનય આમ સાત નયથી અપેક્ષા સમજાવી છે. દ્રવ્ય, ક્ષેત્ર કાળ, ભાવની અપેક્ષાથી પણ એક જ પદાર્થને સમજાવી શકાય છે. જૈન ધર્મ, બૌદ્ધધર્મ કે વૈદિક ધર્મમાં કોઈ એક ધર્મને વિશિષ્ટ માનવો તે સંકુચિતતાનું લક્ષણ છે. દરેક ધર્મ પોતાના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્થાને સાપેક્ષ છે. દરેક ધર્મનું મંથન કર્યા પછી એક નિષ્કર્ષ પર આવવું તે અનેકાન્ત છે. કેવળ બાહ્યાચાર પર ધ્યાન દઈને તેમ જ તેને આધાર માનીને સમજવાથી સાચી સ્થિતિની પ્રાપ્તિ સંભવિત નથી, આજના યુગને અનેકાન્તની સમન્વય સાધના અનિવાર્ય છે. અનેક તાત્ત્વિક દૃષ્ટિ કોણથી પારસ્પરિક ભ્રમ મૂલક દૃષ્ટિ જનિત વિરોધ વિવાદનો અનેકાન્તથી અન્ત આવે છે. તથા ધાર્મિક અને લૌકિક ભિન્નતામાં એકત્વ (Unity in diversity) સધાય છે.

મનુષ્ય પોતાની સાધના અને તપશ્ચર્યાથી ઇશ્વરત્વ, દિવ્યતા મેળવી શકે છે. ઉપનિષદ કહે છે કે...

**उध्धरेत् आत्मना आत्मानम आत्मवनाम। सादयेत्....** અર્થાત્ આત્માથી જ આત્માનો ઉદ્ધાર થાય છે. મનુષ્યને સુખ અને દુઃખનું કારણ આત્મા છે. જગત્ ચક્ર તો અનાદિથી ચાલે છે. અને ચાલતુ રહેશે. પણ જે કાંઈ છે તે માનવતા અને મનુષ્ય મનુષ્યતા તે સમન્વય ભાવનાનો પર્યાય છે. આ સમન્વય ભાવના સ્યાદ્વાદી આચાર પદ્ધતિ અને અનેકાન્તિક વિચાર ધારાથી સંભવિ શકે છે. અનેકાન્ત આજના યુગનો મહામંત્ર છે. નિર્ભયતાનો રહસ્ય મંત્ર છે. સુખ-શાંતિ, મૈત્રી અને સહિષ્ણુતા માટે અહિંસા, અપરિગ્રહ, અને અનેકાન્તની અકારત્રયીનો સંદેશ જગતને માનવતાના કુંજનો સાક્ષી બની રહેશે.

# શોકાંજલિ

૧. શ્રી સલોત જાદવજીભાઇ અંદરજીભાઈ કંથારિયાવાળા ઉ. વર્ષ ૭૪ બારડોલી મુકામે તા ૧૬-૮-૮૯ના રોજ સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. ધાર્મિક વૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતા. તેમના કુંટુબીજનો પર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ. તેઓશ્રીના આત્માને પરમશાંતિ મળે એવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ.

૨. શ્રી કુન્દનલાલ કાનજીભાઇ શાહ ઉ. વર્ષ ૭૬ ભાવનગર મુકામે તા. ૨૭-૯-૮૯ના રોજ સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. ધાર્મિક વૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતા. તેમના કુટુંબીજનો પર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ. તેઓશ્રીના આત્માને પરમ શાંતિ મળે એવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભારતિય સંસ્કૃતિ માનવ સંસ્કૃતિ છે

સં. : રાયચંદ મગનલાલ શાહ

સંસ્કૃતિ જીવનની સૌરભ છે. મનનું માધુર્ય છે. હૃદયની પવિત્રતા છે. સાહિત્યનો પ્રકાશ છે. સભ્યતાની પ્રયોગશાળા છે. સમાજની ક્રાંતિ છે. ભાવનાનું ઉપવન છે. અને આત્માની શક્તિ છે.

સંસ્કૃતિ એ વિદ્વતાનો–પાંડિત્યનો પર્યાયવાચક શબ્દ નથી. ગણીગાંઠી વ્યક્તિઓની જન્મ–મૃત્યુની તિથિનું સ્મરણ કરવું એજ સંસ્કૃતિ નથી. મોટી મોટી સુંદર કલ્પનાઓના ઘોડા દોડાવવા એપણ સંસ્કૃતિ નથી,

પણ જીવનમાં જે ઊંચા સંસ્કારોનું સિંચન કરે, વિવેક બુદ્ધિને જાગૃત કરે અને આત્મ–નિરીક્ષણની પ્રબળ પ્રેરણા આપે એજ સંસ્કૃતિ છે.

ભારતીય સંસ્કૃતિ વિશ્વની એક મહાન સંસ્કૃતિ છે. આ સંસ્કૃતિ જુના જમાનાથી યુગોના યુગોથી શુક્રના તારાની જેમ પોતાના તેજ અને પ્રભાવથી સમગ્ર વિશ્વને આકર્ષી રહી છે. તેનો પ્રકાશ દૂર સુદૂરના ક્ષેત્રોમાં પણ પ્રસરેલો છે. તેણે કેટલાય રાષ્ટ્રો અને માનવ જાતિઓને માર્ગદર્શન આપ્યું છે. ભારતીય સંસ્કૃતિ માનવ સંસ્કૃતિ છે.

માણસ જ સંપૂર્ણ જ્ઞાન, વિજ્ઞાન, ધર્મ અને શાસ્ત્રોનો ઘડવૈયો છે, તે ચમત્કારોનો સર્જક છે. અને પ્રકૃતિની શક્તિઓનો સંચાલક છે. માનવીને હરાવી શકે તેવું આ દુનિયામાં કોઈ જ શ્રેષ્ઠ પ્રાણી નથી

न मानुषात श्रेष्ठतरं हि किंचित।

સંસ્કૃતિ માનવજીવનમાં અભિનવ ક્રાંતિ જન્માવે છે. તે મનોવૃત્તિઓને બદલી નાખે છે. જીવનને પવિત્ર કાર્યોથી શોભાયમાન કરે છે. અને વિચારોમાં વિશુદ્ધ લાવે છે. સંસ્કૃતિ પ્રિય વ્યક્તિનું જીવન કલાત્મક હોય છે. આ જીવન અગરબત્તી જેવું સુગંધમય, તાજા ગુલાબ જેવું ખીલેલું, સાકર કે મધ જેવું મીઠું, મલમલ જેવું મુલાયમ, સૂર્ય જેવું તેજસ્વી, દીવા જેવું પ્રકાશમાન, ચંદ્ર જેવું શિતળ, સિંહ જેવું નિર્ભય અને કમળ જેવું નિર્લેપ હોય છે, અને તેના જીવનમાં આચારની પવિત્ર ગંગા સાથે વિચારની યમુનાનો સુભગ સમન્મય થાય છે.

જગતના બુદ્ધિશાળી ચિંતકોએ માનવજીવનનું પૃથ્થકરણ કર્યું છે. આ પૃથ્થકરણ પ્રયોગશાળાની પેલી કાચની નળીમાં થતું નથી. પરંતુ "સત્યં શિવં સુંદરમ્" ની કસોટી ઉપર કસીને થાય છે. તેમણે કહ્યું : "માનવીનું જીવન આદર્શોના બીબામાં ઢાળેલા જેવું નથી. તે તો વૃક્ષ પર ખીલેલાં ફુલ જેવું છે. બટન દબાવતા જ ખેંચી શકાય તેવો ફોટો નથી. પીંછી અને આંગળીઓની કારીગરીથી દોરવામાં આવેલું ચિત્ર છે."

માનવ પ્રકૃતિ અને/પરમાત્મા વચ્ચેની અજબ કડી છે. તેની એકતરફ દેવ છે અને બીજી તરફ દાનવ છે. એક તરફ શિવ છે અને બીજી તરફ શયતાન છે. માનવ વચ્ચોવચ્ચ ઉભો છે. તે ગમે તે તરફ વળી શકે તેમ છે. તે દેવ પણ બની શકે છે અને રાક્ષસ પણ બની શકે છે. દેવ બનવામાં તેનો વિજય છે અને રાક્ષસ બનવામાં તેનો પરાજય છે. દેવત્વની સ્થાપના કરીને દાનવતાનો નાશ કરવા માટે કટિબદ્ધ થવું એ જ માનવતા છે, સંસ્કૃતિ છે.

સંસ્કૃતિનું ફુલ સત્ સંસ્કારો– સુસંસ્કારોની વેલ પર જ પાંગરે છે, ખીલે છે અને મહેકે છે. વીસમી સદીને વિજ્ઞાનનું વરદાન મળ્યું છે. રોકેટ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપગ્રહ અને એટમ બોંબની મોસમ તો પૂર બહારમાં ખીલી છે; પરંતુ સંસ્કારી જીવનના અભાવે તે બુદ્ધિશાળી વિચારકોન માથાના દુઃખાવાનું કારણ બની ગઇ છે. વિશ્વનું ભાવિ ઘડનારા જ્યોતિર્ધરો સંતો, મહાત્માઓ અને જ્ઞાનિઓ ચિંતાતુર બન્યા છે.

વિજ્ઞાન આજે સર્જન તરફ વળવાને બદલે અવળા માર્ગે વિનાશ તરફ આગળ વધી રહ્યું છે, આ કારણને લીધે જીવન વીણામાંથી પ્રેમનો ઝંકાર નીકળતો નથી, પ્રેમનો સ્વર નીકળતો નથી,

અહિંસા, દયા, પ્રેમ, કરૂણા, વાત્સલ્ય, ત્યાગ અને પરના કલ્યાણ માટેનો સમર્પણ ભાવ, એવી ભારતીય સંસ્કૃતિ વિશ્વના સર્વ માનવ તેમજ પશુ પંખી ઇત્યાદિ જીવ માત્રનું કલ્યાણ કરો ! ! એજ એક અંતરની ભાવના અને પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના....!!

# ઊંડા અંધારેથી પ્રકાશના પંથે

—કે. જે. દોશી

કલાપૂર્ણ અદ્દભુત નૃત્ય કરતાં કરતાં યુવાન નટની દૃષ્ટિ એકાએક સામેના મજલાવાળા મકાન પર પડી

અહા કેટલું સુંદર દેવ-દુર્લભ દૃશ્ય હતું! એક નવયુવક સાધુ સંપૂર્ણ અલંકારોથી સુસજ્જિત અનિંદ્ય સુન્દરી પાસેથી ભિક્ષા લઈ રહ્યાં હતાં. તેમની દૃષ્ટિ પાત્ર પર હતી. તેમની આંખો નીચે ઢાળેલી હતી. તેઓ શાંત અને સ્થિર હતા. કામિનીના માયાવી અને આશ્ચર્યકારક આકર્ષણથી કેટલા મુક્ત અને અલિપ્ત!

વિચારધારાએ એકાએક વળાંક લીધો. "અને એક હું છું કે જે એક નટકુમારીના રૂપમાં પાગલ બની ગયો છું તથા મારા ઉચ્ચ કુળની પ્રતિષ્ઠાને ભૂલી જઇ નટ બનીને આમથી તેમ ભટકી રહ્યો છું. ઓહ! કેટલું શરમજનક પતન! મારા વિલાસની આ પરાકાષ્ઠા...!

નયનરમ્ય શાનદાર નૃત્યની એક અતિ ઉલ્લાસભર્યા વાતાવરણમાં સુમધુર સમાપ્તિ. ચારે બાજુંથી શાબાશ, શાબાશના અવાજ અને ભેટ ઇનામના વરસાદ ! જનતા ખુશખુશ થઇ ગઈ. સમ્રાટ પણ આનંદ પામ્યા. નટકુમારીનો પાલક પણ મુગ્ધ થયો અને વિવાહ પ્રસ્તાવનો સ્વીકાર કર્યો.

પણ... હવે એ બધું વ્યર્થ હતું. પથભ્રષ્ટ, અને વાસનાનો કીડો બનેલો ઇલાયચીકુમાર હવે શુભપથ પર હતો. તેને એક નવી દિશા અને નવો પ્રકાશ સાંપડયા હતાં. એ તો હવે ઉન્નતિના માર્ગ પર આગળ વધવા લાગ્યો હતો. એ તો હવે ભોગથી મુક્ત થઇ ત્યાગને માર્ગે, અધિકારનો રસ્તો છોડી પ્રકાશને પંથે ચાલી રહ્યો હતો. તેને હવે સત્યનો માર્ગ સાંપડયો હતો.

ઇલાયચીકુમાર ! તમારા આ પતન પછીનું જ્ઞાનમય ઉત્થાન કેટલું ચમકદાર છે?

(શ્રમણ માસિકને આધારે)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ૐ હ્રીં અર્હં શ્રી મુનિસુવ્રત સ્વામિને નમઃ

# "મયણા - શ્રીપાળ"

લેખક : શ્રીમતી ભાનુબેન કીર્તિકુમાર મહેતા-ભાવનગર.

જૈન દર્શનનાં કર્મ સિદ્ધાંતની રક્ષા ખાતર રાજવૈભવને છોડનાર મહાસતી મયણા સુંદરીને તથા પ્રગટ પ્રભાવી શ્રી સિદ્ધચક્ર યંત્રના અને શ્રી નવકાર મંત્રના પ્રગટ પ્રભાવી જાત અનુભવ કરનાર મહારાજા શ્રીપાળ કુંવરના નામથી આજ કોણ અજાણ્યું છે.

જૈન શાસનમાં આવા ધર્મપ્રેમી, જ્ઞાની અને પ્રજ્ઞાવંત પ્રતિભાશાળી શ્રીપાળ મયણાને આટલા લાંબા સમયે પણ યાદ કરતી વખતે આપણા દિલમાં અવનવી ભાવના પેદા થાય છે. અનેક શુભ પ્રેરણાઓથી આપણા દિલ રંગાય છે. એમનાં તરફ આપણા અંતરમાં પ્રેમની લાગણી ઉદ્દભવે છે તેમજ અનેકવિધ શુભ લાગણીઓથી આપણું દિલ પ્રદીપ્ત થાય છે.

મહાત્માજી સ્થુલિભદ્રજી પ્રાત: સ્મરણીય શાને? તો કહે એમણે પાળેલાં સર્વોત્તમ પ્રકારના શીલ-વ્રતને કારણે.

આજથી આશરે ૨૫૦૦ વર્ષ પહેલાં થઇ ગયેલાં પુણીયા શ્રાવકનું શુભ નામ આજેય એવું ને એવું સ્મરણીય શાને? તો કહે સામાયિક વ્રતની અણિ-શુદ્ધ આરાધનાને કારણે.

જીવદયાના પાલન કાજે દેહને વોસરાવી દેનારા મેતારજ મુનિવરનું મંગલ જીવન આજેય આપણને સાચી પ્રેરણા નથી પુરી પાડી રહ્યું શું?

આજ રીતે શ્રીપાળ-મયણા ચરિત્ર નવપદની ઓળીઓ દરમ્યાન ચૈત્રમાસ-આસોમાસ દરમ્યાન આપણા ઉપાશ્રયો, જ્ઞાન શાળાઓ કે એવા અન્ય ધર્મસ્થાનોમાં જન-સમુહને ધર્મ-ભાવનાનું સાચુ દર્શન કરાવે છે.

શ્રીપાળ-મયણા શ્રુતજ્ઞાનને પ્રાપ્ત કરાવનાર! શ્રુતાધિષ્ટાયક દેવને તેમજ ચોવીસ તીર્થંકરોને નમસ્કાર કરીને સિદ્ધચક્રનાં ગુણોનું ગાન કરવાનો સંદેશ આપી જાય છે. સિદ્ધચક્રનાં પ્રતાપે સર્વ દુઃખ ટળી સુખ પ્રાપ્ત થાય છે. જૈન શાસનની ઉન્નતિ થાય છે.

જેનો અપૂર્વ મહિમા શાસ્ત્રકાર મહારાજે કહ્યો છે. એવા શ્રી સિદ્ધચક્રજી નવપદજી ભવભ્રમણ અંત કરવામાં અદ્વિતિય-સાધનારૂપ છે. આત્મ હિતેચ્છુ જનો શ્રી સિદ્ધચક્રજીના આરાધન માટે ખાસ આયંબીલ તપ કરી વિધિપૂર્વક તેનું આરાધન કરે છે. જૈન દેવાલયોમાં ભગવંતની વિવિધ પ્રકારે ભક્તિ કરવામાં આવે છે. એટલું જ નહિ પણ શ્રી સિદ્ધચક્રજીની અલૌકિક પણે આરાધના કરવાથી આત્મકલ્યાણ કરવા સાથે લૌકિક સંપદા પ્રાપ્ત કરનાર સતી-મયણાસુંદરી અને શ્રીપાળ રાજાનાં ચરિત્રનું ભાવપૂર્વક શ્રવણ તેમજ મનન કરે છે.

ધર્માનુરાગી જન સમુદાયને નવપદ તપનો મહિમા સમજાવવા માટે આપણા પૂર્વાચાર્યોએ શ્રીપાળ રાજાનાં નાના-મોટા ચરિત્રની રચના કરી છે. તે દરેકમાં ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી તથા ઉપાધ્યાય શ્રી યશોવિજયજીની વિદ્વાન બેલડીએ રચેલ શ્રીપાળ રાજાનો રાસ જૈન સંઘમાં ખૂબખૂબ લોકપ્રિય બનેલો છે.

એ નવપદનાં નામ :- (૧) અરિહંત (૨) સિદ્ધ. (૩) સૂરિ તે આચાર્ય. (૪) પાઠક તે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપાધ્યાય. (૫) ગુણનાં ધામ એવા મુનિ (૬) દર્શન તે સમક્તિ. (૭) જ્ઞાન. (૮) ચરિત્ર. (૯) તપ.

આમાં પ્રથમમાં પાંચ ગુણી છે. અને પાછળનાં ચાર સર્વગુણોમાં શ્રેષ્ઠ છે, નવપદમાં દર્શન–જ્ઞાન–ચરિત્ર અને તપ રૂપ આત્મ વિકાસનાં બધા સોપાન અને એવા આત્મગુણોની આરાધના દ્વારા આરાધ્ય એટલે કે પૂજ્ય સ્થાને બિરાજનાર અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઊપાધ્યાય અને સાધુએ પંચ પરમેષ્ઠીનો સમાવેશ થઇ જાય છે. નવપદની આવી સુંદર પ્રરૂપણા કરીને અનુભવી ધર્મશાસ્ત્રવેતાઓએ આત્મ સાધનાના સાગરને જાણે ગાગરમાં સમાવી દીધો છે.

વીશમાં ભગવાનશ્રી મુનિસુવ્રત સ્વામીના ધર્મ શાસનનો સમય હતો. તેમાં માલવ દેશમાં ઉજ્જૈયિની નામની નગરીમાં પ્રજાપાલ રાજાને બે શિક્ષિત પુત્રીઓ હતી. જેનાં જ્ઞાનની પરીક્ષા કરવાનું રાજાને મન થતાં બંનેને તેઓ બોલાવે છે. અને પ્રશ્ન પૂછે છે કે સંસારમાં મનુષ્યને જીવાડનાર કોણ? જવાબમાં સુરસુંદરી કહે છે કે 'રાજા' જ્યારે મયણાસુંદરી કહે છે કે 'કર્મ' બીજી પુત્રીના આવા જવાબથી પિતા–પુત્રી વચ્ચે ગંભીર પ્રકારનું વાદ વિવાદ થાય છે.

મયણાસુંદરી માટે કહેવાય છે કે,

મયણાસુંદરી મતિ અતિ જાલી
જાણે જિન સિદ્ધાંત લલના,
સ્યાદ–વાદ તસ મન વસ્યો
અવર અસત્ય એકાંત લલના....

આમ મયણાસુંદરીની બુદ્ધિ અત્યંત નિપુણ હતી તેથી જીનેશ્વર ભગવંતના કહેલા શાસ્ત્રોને જાણી શકતી હતી એટલે જ તેના મનને વિશે નિશ્ચય વ્યવહાર રૂપ સ્યાદ શૈલી વાસ કરી ટકી રહી હતી. તેથી બીજા એકાન્તનયોને જુઠા માનતી હતી. મયણાસુંદરીએ કર્મ સિદ્ધાંતનું જ્ઞાન સૂક્ષ્મ રીતે પંડિત દ્વારા પ્રાપ્ત કર્યું હતું,

"કર્મ કરે તે થાય" માં દ્રઢપણે માનનારી મયણાસુંદરી પોતાના પિતાના કહેવા મુજબ ઉંબરરાણા (કોઢીયા પતિ) સાથે લગ્ન થવા છતાં મનમાં લેશમાત્ર ખેદને ધારણ કરતી નથી. કારણ કે કર્મ સિદ્ધાંત ઉપર તેને પૂર્ણ વિશ્વાસ હતો. પોતાના કર્મોનાં યોગો ઉપર વિશ્વાસ રાખી. દેવ–ગુરુની ભક્તિ અને ધર્મની આરાધના કરે છે

મયણાસુંદરી અને ઉંબરરાણો જીનમંદિરનાં શ્રદ્ધા અને ભક્તિપૂર્વક દર્શન કરી પૂજ્ય આચાર્ય શ્રી મુનિચંદ્રસૂરિજી મહારાજને વંદન કરવા જાય છે. ઉપકારી ગુરુવર્યના કથન અનુસાર એ બંનેએ મહાયંત્રની સાધના કરી. એ યંત્રનું નામ છે મહાપ્રભાવિકા શ્રી સિદ્ધચક્રયંત્ર. જેનું તેઓશ્રીએ મન–વચન–કાયાની પવિત્રતાપૂર્વક આરાધન કર્યું ત્યારે તેના શાન્તિજળનાં પ્રતાપે ઉંબરરાણા સહિત બધાનો કોઢ રોગ દૂર થાય છે.

મયણાસુંદરી ઉંબરરાણાને પોતાની ઓળખાણ કરાવવા વિનંતી કરતાં ઉંબરરાણા કહે છે કે. ચંપાનગરીના સિંહરથ રાજાનો પુત્ર છે. કાકા અજીતસેન મતિથી મુઢ બનતા શ્રીપાળકુંવરને મારીને ચંપા નગરીનું રાજ્ય લેવા તૈયાર થાય છે. આવા સંજોગોમાં માતા કમળપ્રભા પુત્રને બચાવવા જતા કોઢીયાની સેના મળતાં બાળક બચી જશે તેમ માનીને ટોળામાં છુપાવી દે છે. કોઢીયાની સોબતથી ઉંબર જાતિનો કોઢ થતાં ઉંબરરાણા તરીકે ઓળખાવા લાગ્યાં. ત્યારે મયણા આનંદ પામે છે કે ઉચ્ચ કુળના રાજપુત્ર એ જ શ્રીપાળ છે.

માતા કમળપ્રભાનો મેળાપ થયા પછી શ્રીપાળ કુંવર પોતાનું ભાગ્ય અજમાવવા સૌના આશીર્વાદ સાથે દૂર દેશાવરનાં પ્રવાસે નીકળે છે. રસ્તામાં ભરૂચ બંદર પાસે ધવળશેઠ નામના વેપારી સાથે મેળાપ થાય છે. એ શેઠ કપટી, લોભી અને ખૂબ જ ઇર્ષાળુ હતા. જે શ્રીપાળકુંવરની દરેક બાબતમાં થયેલ પ્રગતી જોઈ શકતો નથી. અને મારી નાખવા માટે અનેકવાર પ્રયત્નો કરે છે. પરંતુ શ્રીપાળ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કુંવરે કદી ધવળ શેઠનું બુરૂ ઇચ્છયું નથી.

જીવનમાં સુખ અને દુઃખને જાણ્યા પછી શ્રી શ્રીપાળકુંવર દઢપણે માનતા હતા કે જેના તન-મન અને રગે રગમાં નવપદજીનું રટણ, સ્મરણ અને ધ્યાન હોય છે. જેનું જીવન ધર્મમય-નવપદ-મય છે સદાચારથી ભરેલું છે. તેવા પુણ્યવાન આત્માનો કોઈ વાળ પણ વાંકો કરી શકતું નથી.

ઘણાં વર્ષો સુધી પરિભ્રમણ કરી. અખૂટ, ધન સંપત્તિ સાથે શ્રીપાળકુંવર પોતાની ઉજ્જૈયિની નગરીમાં પાછા ફરે છે. ત્યારે તેની સાથે અનેક રાજકન્યાઓ, સૈનિકો તથા બબ્બર કુળના રાજા તરફથી ભેટ મળેલ નટની ટોળી જેમાં સુરસુંદરી પણ હતી.

રાજા પ્રજાપાલને જ્યારે આ વાતની ખબર પડે છે દેવગુરુનાં શુભાશીષ તથા સિદ્ધચક્રજીના શુભ આરાધનથી પોતાના જમાઈનો કોઢ રોગ દૂર થયો છે તેમજ તેઓ ચંપાનગરીના પુત્ર છે. ત્યારે પોતાના અભિમાન પર દુઃખ થાય છે અને બંનેની ક્ષમા માંગે છે. ભૂલનો પશ્ચાતાપ પ્રગટ કરે છે. કર્મ સિદ્ધાંતનો અને જૈન ધર્મનો તેઓ આદર અને સ્વીકાર કરે છે.

સંસાદમાં નવપદની આરાધના જ સારભૂત છે માટે નવપદોની ભક્તિ કરીને તેને નિરંતર આરાધો કે જેથી ભવ જે સંસાર તેના દુઃખો ઉપશમે અને જીવ સ્વયંમેવ સિદ્ધિ પામે. જ્ઞાનમાં વૃદ્ધિ થાય. આત્મા વિપુલ ફળને પામે... કર્મોની મહાનિર્જરા થાય અને પૂર્વે બાંધેલા પાપો નાશ પામે.

શ્રીપાળ રાજા માટે કહેવાય છે કે—

નરભવ અંતર સ્વર્ગ તે,
ચાર વાર લહી સર્વ;
નવમે ભવે શિવ પામશે,
ગૌતમ કહે નિગર્વ.
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો...

આમ શ્રીપાળ રાજા વચમાં મનુષ્ય ભવ પામી દેવલોકમાં જશે. મનુષ્યભવ અને દેવભવો ચાર વાર પામીને પછી નવમાં ભવમાં મનુષ્યપણામાં મોક્ષને પામશે. એમ ગર્વ રહિત ભગવાન ગૌતમસ્વામીએ શ્રેણીકરાજા વગેરેને આગળ કહેલ છે.

આમ નવપદનો પ્રભાવ મહાન છે. અને તે જ ભવ સમુદ્રમાં નૌકા સમાન છે. નવપદને સેવવાથી ઘણાં ભવ્ય પ્રાણીઓ સંસાર-સાગરને પાર પામ્યા છે. નવપદ તે આત્મા જ છે, માટે તેનો મહિમા અપરંપાર છે. એ સર્વ મંગલકારી છે અને આત્માને ક્રમે ક્રમે ઊંચે ને ઊંચે લઇ જઇને સર્વોચ્ચ સ્થાને બિરાજમાન કરવાની અદ્‌ભુત શકિત એમાં રહેલી છે. જેટલું નિર્મળ તેનું આરાધન તેવું ઉત્તમ તેનું ફળ.

આત્માના વિકાસનો આરંભ શ્રદ્ધા, સમ્યગ-દર્શનથી થાય છે. એ વિકાસની પરિપૂર્ણતા સિદ્ધિ પદમાં વિશ્વાસ પામે છે. સમક્તિ, શ્રદ્ધાનો બોધિ બીજને પામેલો આત્મા જો પ્રમાદથી સાવચેત રહીને સતત જાગૃતપણે એ બીજને સાધનાના નિર્મળ જળનું સિંચન કરતો રહે તો ક્રમે ક્રમે ઉચ્ચ, ઉચ્ચતર અને ઉચ્ચતમ સ્થાન પ્રાપ્ત કરીને અંતે પરમપદ મહાનિર્વાણ પદ પ્રાપ્ત કરે છે.

નવપદ આરાધનાનું તપ નવ આયંબીલની ઓળી દ્વારા કરવામાં આવે છે. એ તપ વખતે આત્મા જાણે રસ, કસ, અને સ્વાદની મોહજંજાળથી દૂર રહેવાનો પ્રયત્ન કરે છે. અને દેહને દાયું આપવા પૂરતો નીરસ અને સ્વાદ વગરનો આકાર લઈને આત્મા ગુણ ચિંતનનો આસ્વાદ મેળવવામાં આનંદ માને છે.

નવપદ આરાધન માટે કોઇપણ વર્ષમાં આસો સુદી ૭ થી શરૂ કરીને ૧૫ સુધી નવ આયંબીલ કરવા તે જ પ્રમાણે ચૈત્ર માસમાં નવ આયંબીલ કરવા એ પ્રમાણે નવ ઓળી કરવી તે સાડા ચાર વર્ષે પૂર્ણ થાય છે.

દરેક આયંબીલનાં દિવસે જિનપૂજા-ગુરુવંદન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બે ટંક પ્રતિક્રમણ, ત્રણ ટંક દેવવંદન, બે ટંક પડિલેહણ વિધિપૂર્વક પચ્ચખ્ખાણ પારવું અને દરેક પદમાં જણાવ્યા પ્રમાણે ખમાસણા દેવા તેટલા લોગ્ગસનો કાઉસગ્ગ કરવો અને દરેક પદની વીશ વીશ નવકારવાળી ગણવી.

દરરોજ નવ દેરાસર જઇને નવ ચૈત્યવંદન કરવા. ચિત્રેલા સિદ્ધચક્રની વાસક્ષેપ વડે પૂજા કરવી. જે ગામમાં નહ દેરાસર ન હોય ત્યાં એક દેરાસર નવ ચૈત્યવંદન કરવા. દરરોજ સ્નાત્ર ભણાવી અષ્ટપ્રકારી પૂજા કરવી. ગુણની સંખ્યા પ્રમાણે અક્ષતના સાથીયા કરવા તેના ઉપર યથાશક્તિ ફળ નૈવેદ્ય ચઢાવવું. જેટલા ખમાસણા દેવાના હોય તેટલી જ જિનમંદીરની પ્રદક્ષિણા દેવી. ત્રણ કાળ જીનપૂજા, (પ્રભાતે વાસક્ષેપપૂજા, મધ્યાન્હે અષ્ટપ્રકારી પૂજા અને સંધ્યા સમયે ધૂપ–દીપ વડે) કરવી. શ્રીપાળ રાજાનું ચરિત્ર સાંભળવું. નવપદ પૈકી એકેક પદનું ધ્યાન ધરવું. તેના ગુણ ચિંતવવા. રાત્રીએ સંથારા પોરિષીપૂર્વક ભૂમિશયન કરવું. પચ્ચખાણ ગુરુ સમીપે લેવું.

આમ શ્રીપાળ મહારાજા તથા મયણાસુંદરીએ શ્રદ્ધા તથા ભકિત–ભાવપૂર્વક શ્રી નવપદજીનું આરાધન કર્યું. તે રીતે ભાવિકજનો આરાધના કરી ઉત્તરોત્તર આત્મિક વિકાસ કરીને મોક્ષસુખ પ્રાપ્ત કરે એવો સંદેશ આપી જાય છે.

નવમે પદે સિદ્ધિપદ એટલે કે આ પદનું મહાત્મ્ય એવા પ્રકારનું છે કે તેનું યથાર્થ વિધિપૂર્વક આરાધન કરનાર ઉત્કૃષ્ટથી નવમે ભવે અવશ્ય સિદ્ધિપદને પામે છે. વચમાં દેવ અને મનુષ્યનાં ઉત્તમ ભાવો પામે છે. જગતના ઉત્તમ પ્રકારનાં યશ અને કીર્તિ પામે છે.

નવપદમાં દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણે તત્વોનો સમાવેશ થયો છે. અરિહંત અને સિદ્ધ એ દેવ તત્વ છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ગુરુતત્વ છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપથી ધર્મતત્વ ગ્રહણ થાય છે. એ ત્રણે તત્વોની પરીક્ષાપૂર્વક જે સદહણા જાગે છે. તે જ જૈન ધર્મરૂપી વિશાળ વૃક્ષનું મૂળ ગણાય છે. જે ગ્રહણ કરી મયણાસુંદરીએ સિદ્ધ કરી બતાવેલ છે.

શ્રીપાળ મયણાના જીવનમાંથી માનવી પોતાનો વિકાસ કઈ રીતે સાધી શકે છે. તે માટેની દોરવણી છે. તેમણે જે સર્વગુણ સંપન્નતા પ્રાપ્ત કરી છે. તે મુજબ સર્વગુણ સંપન્નતા મેળવવા આપણે સૌ યથાશકિત પ્રયત્ન કરીએ. તો આપણું દુઃખ, આપણી યાતના આપણી અશાન્તી અવશ્ય દૂર થાય જ.

જીવનનું લક્ષ શ્રીપાળ બનવા માટેનું છે. શ્રીપાળ રાજાનો રાસ વાંચ્યા પછી આત્મભાવ નિર્માણ થવો જોઇએ.

શ્રીપાળ રાજાના ઉપાસક બનવા માટે અથાગ પરિશ્રમની જરૂર છે. ધીરજની આવશ્યકતા છે. પારસમણી મેળવવો હોય તો ધીરજ રાખવી પડે. આ વસ્તુનો પારસમણી કરતા ય કેટલી અમુલ્ય છે.

દરેક બાબતમાં ઇશ્વરની ઇચ્છાને આધીન રહો. ભય ન રાખો, ચિન્તા ન રાખો, શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરો તમારી અંદર જ સંપૂર્ણ શાન્તી અને મુકિતનો અનુભવ કરી શકો છો.

જગતમાં જેઓ શ્રીપાળ રાજાનો રાસ શ્રદ્ધાપૂર્વક વાંચશે કે સાંભળશે તે કળિયુગના મેલથી અને મનના મેલથી જરૂર મુક્ત થશે. પોતે તરશે અને બીજાને તારી દેશે.

આ કથાનાં દરેક પ્રસંગોને વાગોળવાના છે. તેમાથી કોઇ શબ્દ કયાંય સ્પર્શી જાય તો તે આપણો પોતાનો છે. તેને તીજોરીમાં રાખવાનો છે. કયાંય એ છટકી ન જાય તે જોવાનું છે કારણ કે તે અમાનત છે.

આ કથા સાંભળ્યા પછી વૈરભાવની ભાવના છોડી દેવી, એટલે કે દુશ્મનાવટ હોય તો સમાધાન કરી લેવું– એવો સંદેશ આપી જાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પોતાને માનવ સમજતાં શ્રીપાળ દેવ કોટિમાં શી રીતે પહોંચી જાય છે તે આ કથા દર્શાવે છે. ઉચ્ચ ધ્યેય અને ઉચ્ચ આદર્શ રાખી માનવ ઉન્નતિ સાધી શકે છે. તે શ્રીપાળે પોતાના જીવન દ્વારા બતાવ્યું છે

યુગ ચેતનાને જવલંત રાખવાની શક્તિ આજે પણ પરિવારના લાખો સદસ્યોમાં છે. એમની યોગ્યતા, પ્રતિભા, કુશળતા કોઇ વાતની કમી નથી. પરંતુ દરેકને લોભ, મોહ, અહંકારનાં બંધનોએ એટલાં બધા ઝકડી લીધા છે કે અંતરાત્માનો પોકાર સમયની માંગ અને મહાકાળના આહવાન સામે તેઓ ધ્યાન આપી શકતા નથી. મન કલ્પનો કરે છે કંઇક કરવાની ઇચ્છા થાય છે. પરંતું મોહના બંધન એમને કામ કરતાં અટકાવે છે. જો સાંસારિક જવાબદારીઓ કોઇને આદર્શના માર્ગ ઉપર ચાલતા રોકતા હોત તો સંસારમાં એક પણ મહાપુરુષ પેદા થયો ન હોત. પરંતુ આદર્શવાદી અને સાહસિકતા જીવંત હોય તો જે ચાહે તે સાહસ એકઠું કરીને આગળ આવવા માટે કદમ ઉઠાવી શકે છે. પરિવારમાં આવા અનેક જીવંત આત્માઓ મૌજુદ છે. વર્તમાન સમયની માંગ પ્રમાણે માનવતાની મહાન સેવા કરી શકાય છે.

જગતની સામે શ્રીપાળ રાજાએ આદર્શ સામાજિક ગુણોનું દિવ્ય કૌટુમ્બિક જીવનનું અને જીવનના શ્રેષ્ઠત્તમ નૈતિક મુલ્યોનું અધિષ્ઠાન ઉભું કર્યું છે. જગતના અતિ ઉચ્ચ ગુણોનો સમુદ્ર એટલે શ્રીપાળ રાજાની કથા. શ્રીપાળરાજા પ્રેરણામૂર્તિ છે. હ્રદય સમ્રાટ છે. હજારો વર્ષો થયા છતાં આપણાં હ્રદયમાંથી ભૂલાતા નથી. આપણા જીવનમાં ઓતપ્રોત થઈને ભળી ગયા છે. નાના–મોટા સૌનો આદર તથા વિશ્વાસ છે.

સૌનું જીવન નિતિ, અસ્મિતા, સત્ય અને પ્રકાશ તરફ ગતિમાન બને અને સૌના જીવનમાં સાત્વિક સંપતિ, સાત્વિક શકિત અને સાત્વિક બુદ્ધિનો સંગમ થાય અને તેનું શાસન પરમાત્માની ભકિત દ્વારા થાય તેવો સંદેશ શ્રીપાળરાજા-મયણાસુંદરી આપી જાય છે.

ધન્ય છે શ્રીપાળકુંવર તથા મયણાસુંદરીનાં જીવનને...!!!

## વીણેલા મોતી

- આગીયો ઉડતા હોય ત્યારે જ તેજનો ઝબકારો દેખાતો હોય છે જ્યારે તે બેસી જાય ત્યારે તે પ્રકાશ સ્થગિત થઇ જાય છે, તેમ માનવ પણ ક્રિયાશીલ હશે તો જ તેનામાં કંઇક પ્રતિભા દેખી શકાશે. નિષ્ક્રિય માણસમાં તેનો અભાવ હોય છે.
- વિનયનું ફલ ગુરૂનું સાનિધ્ય. તેનું ફલ શ્રુતજ્ઞાનની સંપ્રાપ્તિ, તેનું ફલ આશ્રવનિરોધ, તેનું ફલ સંવર એમ ઉત્તરોત્તર તપશ્ચર્યાનું આસેવન. કર્મ નિર્જરા, ક્રિયાનિવૃત્તિ અયોગી, યોગ, નિરોધ ભવ સંતત્તિનો ઉચ્છેદ અને પરિણામે મોક્ષ મહેલની મઝા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગરીબ કોણ ?

લે૦ શ્રી કનૈયાલાલ વ્રજલાલ વાઘાણી

એક ભિખારી હતો. આ ભિખારીનો એવો નિયમ હતો કે ગામમાં એક ઠેકાણે બેસીને ભીખ માંગે અને જે કંઈ મળે એમાં સંતોષ માનીને જીવન વિતાવે.

એક દિવસ એ ભિખારીને પોતાની જરૂરીયાત કરતાં એક પૈસો વધારે મળ્યો. એ વધારાની સંપત્તિ કોઈને આપી દેવાનો એણે વિશ્ચય કર્યો.

ફરતો ફરતો એ એક મંદિર પાસે પહોંચ્યો. મંદિરના ચોગાનમાં એક મહારાજશ્રી કથા વાંચી રહ્યા હતા. કેટલાક લોકો એ મહારાજશ્રીની કથા સાંભળી રહ્યા હતા. કથા પૂરી થઈ એટલે આ ભિખારીએ મહારાજને પૂછયું : 'મા'રાજ! મારી પાસે વધારાની સંપત્તિ છે, હું એનો શો ઉપયોગ કરું ? આપ મને માર્ગ ચીંધો.'

મહારાજે પૂછયું, 'ભાઈ ! તારી પાસે કેટલી સંપત્તિ છે તે તું મને કહે એટલે તને રસ્તો ચીંધું,'

'મા'રાજ ! મને મારી રોજની જરૂરિયાત કરતાં એક પૈસો વધારે મળ્યો છે.'

'એક ફદુડી ! તારી સંપત્તિ ! ચાલતો થા, ચાલતો થા એક ફદુડી માટે આટલી પરેશાની અને લમણાઝીંક.' મહારાજ ગુસ્સે થઇ બોલ્યા.

આસપાસના લોકોમાંથી કોઇએ એ ભિખારીને કહ્યું : ભાઇ ! કોઇ ગરીબગુરબાને આપી દે ને !' એ ભિખારી કોઈ ગરીબ વ્યક્તિની શોધમાં નીકળી પડયો.

એ આમ તેમ ભટકતો હતો, તેવામાં એ નગરનો રાજા અન્ય રાજ્યો ઉપર ચઢાઇ કરવા જતો હતો. ભિખારીએ રસ્તા ઉપરની એક વ્યકિતને પૂછયું, 'ભાઇ ! આ ધાંધલધમાલ શું છે ?'

'આ નગરનો રાજા અન્ય રાજ્યો ઉપર ચઢાઇ કરે છે, એનું લશ્કર કૂચ કરે છે.'

'શા માટે ?' 'રાજાને ધનસંપત્તિ અને પ્રદેશ મેળવવાની ભૂખ જાગી છે માટે.'

એ ભિખારીને લાગ્યું કે રાજા ગરીબ છે. એને સંપત્તિની ભૂખ છે માટે આવા ગરીબ માણસને મારી સંપત્તિ આપી દઉં.

રાજા પણ ઘોડા ઉપર કૂચ કરી રહ્યો હતો. એ ભિખારી રાજાનો માર્ગ રોકીને ઉભો રહ્યો રાજાએ પોતાનો ઘોડો થોભાવ્યો એટલે એ ભિખારીએ ચીંથડીની ગાંઠ છોડીને રાજાના હાથમ. એક પૈસો મૂકી દીધો.

'અલ્યા, ! આ શું છે ! મને પૈસો કેમ આપ્યો ?' રાજાએ સાશ્ચર્ય પૂછયું.

'રાજન્ ! હું કોઇ ગરીબ માનવીની શોધમાં હતો. મારી વધારાની સંપત્તિ કોઇ ગરીબ માનવીને આપી દેવા ઇચ્છતો હતો. આપ ધનસંપત્તિના લોભે અન્ય દેશ ઉપર હલ્લો કરવા જાઓ છો, એ જાણીને મને વિચાર થયો કે આપ ગરીબ હશો, આપને ધનસંપત્તિની જરૂર છે એટલે મારીસંપત્તિ મેં આપને આપી દીધી છે, જેથી આપને સંપત્તિ મળે અને અન્ય દેશમાં શાંતિ રહે.'

રાજા પોતાની ભૂલ સમજી ગયો અને પોતાંના લશ્કરની કૂચ થંભાવીને નગરમાં પાછો ફર્યો. રાજાના દિલમાં રાજ્ય વધારવાની કે ધનસંપત્તિની લાલસા કદી જાગી નહિ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ

તા. ૩૧-૩-'૮૯

| ફંડ તથા જવાબદારીઓ | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|
| **બીજા અંકિત કરેલા ફંડ :-** | | |
| ફંડના પરિશિષ્ટ મુજબ .... .... | ૩૯૭૪૫૭-૫૪ | |
| ઠાણા સુત્ર ફંડ .... ... | ૧૨૦૦૦-૦૦ | |
| | | ૪૦૯૪૫૭-૫૪ |
| **જવાબદારીઓ :-** | | |
| અગાઉથી મળેલી રકમો પેટે ... .... | ૪૩૮૨૮-૨૯ | |
| ભાડા અને બીજી અનામત રકમો પેટે .... | ૨૫૨૩-૦૦ | |
| અન્ય જવાબદારીઓ ... ... | ૪૧૮-૨૦ | |
| | | ૪૬૭૬૯-૪૯ |
| **ઉપજ ખર્ચ ખાતુ :-** | | |
| ગઈ સાલની બાકી જમા ... ... | ૪૯૦-૬૪ | |
| ઉમેરો : ચાલુ સાલનો વધારો આવક ખર્ચ ખાતા મુજબ | ૨૮૨૭-૧૭ | |
| | | ૩૩૧૭-૮૧ |
| સરવૈયા ફેરના | | ૦-૧૦ |
| | કુલ રૂા. | ૪૫૯૫૪૪-૯૪ |

ટ્રસ્ટીઓની સહી

૧. હીરાલાલ ભાણજીભાઈ શાહ
૨. હિંમતલાલ અનોપચંદ મોતીવાળા
૩. પ્રમોદકાંત ખીમચંદ શાહ
૪. કાંતીલાલ હેમરાજ વાંકાણી
૫. શા. ચીમનલાલ વર્ધમાન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સભા—ભાવનગર

નોંધણી નંબર
એફ–૩૭ ભાવનગર.

ના રોજનું સરવૈયું

| મિલ્કત | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|
| સ્થાવર મિલ્કત :– ગઇ સાલની બાકી .... .... | | ૧૧૧૩૧૬–૦૦ |
| ડેડ સ્ટોક ફર્નીચર :- | | |
| ગઈ સાલની બાકી ... ... | ૬૮૫૨–૦૦ | |
| ઉમેરો :– વર્ષ દરમ્યાન ખરીદી ભેટ ... | ૧૩૩૦–૦૦ | |
| | | ૮૧૮૨–૦૦ |
| માલ સ્ટોક :- | | |
| પુસ્તક સ્ટોક ... ... .... | | ૨૨૮૮૬–૦૨ |
| એડવાન્સીઝ :- | | |
| ઇલેકટ્રીક ડીપોઝીટ ... .... ... | | ૧૪૦–૦૦ |
| રોકડ તથા અવેજ :- | | |
| (અ) બેન્કમાં ચાલુ ખાતે .... | | |
| બેન્કમાં સેવીંગ્ઝ ખાતે .... | ૧૮૯૮૬–૦૨ | |
| બેન્કમાં ફીકસ્ડ અથવા કોલ ડીપોઝીટ ખાતે રાષ્ટ્રીયકૃત બેન્ક | ૨૯૮૦૦૦–૦૦ | |
| (બ) ટ્રસ્ટી/મેનેજર પાસે જમા ... | ૩૪–૯૦ | |
| | | ૩૧૭૦૨૦–૯૨ |
| | કુલ રૂા. | ૪૫૯૫૪૪–૯૪ |

ઉપરનું સરવૈયું અમારી માન્યતા પ્રમાણે ટ્રસ્ટના ફંડો તથા જવાબદારીઓ તેમજ મિલ્કત તથા લ્હેણાનો સાચો અહેવાલ રજુ કરે છે.

ભાવનગર

તા. ૨૪ મે ૧૯૮૯

સંઘવી એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડીટર્સ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ

તા. ૩૧-૩-'૮૯ ના

| આવક | | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|---|
| ભાડા ખાતે :- (લહેણી/મળેલી) | ... | ... ... | ૧૮૪૪૬-૦૦ |
| વ્યાજ ખાતે :- (લહેણી/મળેલી) | | | |
| બેન્કના ખાતા ઉપર | .... | ... ... | ૪૭૯૦૯-૮૮ |
| ભેટ આવક :- | .... | .... ... | ૬૨૧૦-૦૦ |
| બીજી આવક :- | | | |
| પસ્તી વેચાણ આવક | ... | ૪૨૩-૪૦ | |
| પુસ્તક વેચાણ આવક | .... | ૩૫૭૫-૩૨ | |
| પરચુરણ આવક | ... | ૪૦૦-૦૦ | |
| | | | ૪૩૯૮-૭૨ |
| | | કુલ રૂા. | ૭૬૯૬૪ ૬૦ |

ટ્રસ્ટીઓની સહી
1. હીરાલાલ ભાણુભાઈ શાહ
2. હિંમતલાલ અનોપચંદ મોતીવાળા
3. પ્રમોદકાંત ખીમચંદ શાહ
4. કાંતિલાલ હેમરાજ વાંકાણી
5. ચીમનલાલ વર્ધમાન શાહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભા–ભાવનગર

નોંધણી નંબર
એફ/૩૭ ભાવનગર.

પૂરાં થતા આવક અને ખર્ચના હિસાબ

| ખર્ચ | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|
| મિલ્કત અંગેનો ખર્ચ :- | | |
| મ્યુનીસિપલ/ગવર્નમેન્ટ ટેક્ષ સફાઈ ખર્ચ | ૨૪–૩૦ | |
| મરામત અને નિભાવ મકાન ખર્ચ ... | ૧૦૨૬૨–૦૦ | |
| વીમો ... .... | ૨૧૩૨–૦૦ | |
| | | ૧૨૪૧૮–૩૦ |
| વહીવટી ખર્ચ :- ... ... .... .... | | ૧૮૮૯૧–૩૦ |
| કાનુની ખર્ચ વકીલ ફી :- ... ... ... ... | | ૨૦૦–૦૦ |
| ઓડીટ ખર્ચ :- ... ... ... ... | | ૨૦૦–૦૦ |
| ફાળો અને ફી :- ... ... ... ... | | ૮૦૯–૨૦ |
| પરચુરણ ખર્ચ :- ... ... ... ... | | ૧૮૫૧–૪૦ |
| રીઝર્વ અથવા અંકિત ફંડ ખાતે લીધેલ રકમો ... .... | | ૧૭૮૯૩–૭૩ |
| ટ્રસ્ટના હેતુઓ અંગેનું ખર્ચ :- ... ... ... | | ૨૧૮૭૩–૫૦ |
| વધારો સરવૈયામાં લઇ ગયા તે :- ... ... | | ૨૮૨૭–૧૭ |
| | કુલ રૂા. | ૭૬૯૬૪–૬૦ |

ભાવનગર
તા. ૨૪ મે ૧૯૮૯

સંઘવી એન્ડ કાં.
ચાર્ટર્ડ એકાઉન્ટન્સ
ઓડીટર્સ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંસ્થા સમાચાર

## શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

સંસ્કૃત ભાષાના ઉત્તેજન માટે ભાવનગર જૈન શ્વે. મૂ. સંઘમાંથી સને ૧૯૮૯ની સાલમાં S. S. C. પરીક્ષામાં સંસ્કૃત વિષય લઈને અને સંસ્કૃતમાં ૮૦ટકા કે તેથી વધારે માર્કસ મેળવીને પાસ થયા હોય તેવા કુલ નવ વિદ્યાર્થી ભાઈ બહેનોને નીચે પ્રમાણે પારિતોષિક આપવામાં આવેલ છે.

| અ. નં. | નામ | માર્કસ | ઇનામની રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | રાહુલકુમાર મનવંતરાય વાકાણી | ૯૨ | ૧૨૧/- |
| ૨ | મોનાબેન ચીમનલાલ શાહ | ૮૫ | ૭૧/- |
| ૩ | રૂપલબેન બી. દોશી | ૮૫ | ૭૧/- |
| ૪ | નેહા વિપિનચંદ્ર | ૮૪ | ૭૧/- |
| ૫ | પ્રીતીબેન નવનીતરાય શાહ | ૮૨ | ૫૧/- |
| ૬ | નીતાબેન શાન્તીલાલ શાહ | ૮૧ | ૫૧/- |
| ૭ | તેજસ મહેન્દ્રભાઈ વોરા | ૮૧ | ૫૧/- |
| ૮ | હેતલ વિપિનચંદ્ર શાહ | ૮૦ | ૫૧/- |
| ૯ | તૃપ્તીબેન ચંદ્રકાન્ત શાહ | ૮૦ | ૫૧/- |
| | | કુલ | ૫૮૯/ |

ભાવનગર જૈન શ્વે મૂ. સંઘમાંથી જરૂરીયાતવાળા કોલેજમાં ભણતા વિદ્યાર્થી ભાઇઓને, જેઓએ કોલેજમાં ફી ભરી હોય તેવા કુલ ૨૧ વિદ્યાર્થી ભાઈ ઓને આ વર્ષે રૂા. ૩૬૫૦/- ની શિષ્યવૃત્તિ આ સભા તરફથી આપવામાં આવેલ છે.

## યાત્રા પ્રવાસ

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી કચ્છ-ભદ્રેશ્વરનો ત્રણ દિવસનો યાત્રા પ્રવાસ રાખવામાં આવ્યો હતો. તા. ૨૪-૯-૮૯ને રવિવાર રાત્રીના ૧૨-૩૯ મિનીટે એક લકઝરી બસમાં સભાના સભ્યો અને શ્રીસંઘના ભાઈ-બહેનો નીકળીને તા. ૨૫-૯-૮૯ને સોમવારના રોજ કટારીયા,ભચાઉ, અંજાર વિગેરેના દેરાસરોમાં દર્શન પૂજા કરીને બપોરના ૧-૩૦ વાગે ભદ્રેશ્વર તીર્થ પહોંચ્યા હતા. ત્યાં આવેલ ભાઇ બહેનોએ ભક્તિભાવ પૂર્વક પૂજા સેવા કરીને, રાગ-રાગણીપૂર્વક સ્નાત્રપૂજા ભણાવવામાં આવી હતી. રાત્રીના ભાવનામાં ભાક્તભાવપૂર્વક લાભ લીધો હતો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તા. ૨૬-૯-૮૯ને મંગળવારે સવારના છ વાગે ભદ્રેશ્વર તીર્થથી નીકળીને મુંદ્રા, ભુજપર, નાની ખાખર, મોટી ખાખર, બીદડા વિગેરેના ભવ્ય દેરાસરોમાં દર્શન, ચૈત્યવંદન વિગેરે કરીને બપોરના ૧-૩૦ વાગે ૭૨ જિનાલયની ધર્મશાળામાં ગયા હતા. આવેલ ભાઇઓ અને બહેનોએ ત્યાં ભક્તિભાવપૂર્વક પૂજા સેવા કરી હતી. ત્યાંથી બપોરના ૩-૩૦ વાગે નીકળીને માંડવી વૃદ્ધાશ્રમમાં ગયા હતા. ત્યાના દેરાસરમાં દર્શન કરીને, વૃદ્ધાશ્રમ જોઇને, માંડવી થઇને સાંજના ૬-૦૦ વાગે સુથરી ગયા હતા. સુથરીના દેરાસરમાં રાત્રીના ખુબ જ ભક્તિભાવ પૂર્વક ભાવના ભાવવામાં આવી હતી. તેમજ ત્યાંનાં ઉત્સાહી કાર્યકરે દેરાસરનો સંપૂર્ણ ઇતિહાસ સમજાવ્યો હતો. તા. ૨૭-૯-૮૯ને બુધવારના સવારના છ વાગે સુથરીથી નીકળીને કોઠારા, જખૌ, નલીયાના કલાકૃતિવાળા ભવ્ય દેરાસરો જોઇને અને ત્યાંના દેરાસરોમાં દર્શન, ચૈત્યવંદનાદિ કરીને બપોરના ૧૨ વાગે તેરા આવ્યા હતા. ત્યાં આવેલ ભાઈઓ અને બહેનોએ ભક્તિભાવ પૂર્વક પૂજા સેવા કરી હતી. ત્યાંથી બપોરના ૨-૩૦ વાગે નીકળીને ભુજ આવ્યા હતા. સાંજના ભુજના દેરાસરોમાં દર્શન કરીને, ભુજથી રાત્રીના નવ વાગે નીકળીને ગુરૂવારના સવારના સાત વાગે ભાવનગર પરત આવી ગયેલ હતા.

સોમવાર, મંગળવાર, અને બુધવાર ત્રણે દિવસ, સવાર, બપોર અને સાંજે આવેલ ભાઇઓ અને બહેનોની સ્વામિભક્તિ કરવામાં આવી હતી. આ યાત્રા પ્રવાસમાં ૨૫ સંઘપૂજનો થયા હતા. સહકાર બદલ ખૂબ જ આભાર માનવામાં આવે છે.

## અખિલ ભારત જૈન પત્રકાર અધિવેશન

કારતક વદ ૧૨-૧૨-૧૩, મહાવીર સંવત ૨૫૧૬, શુક્ર તા. ૨૪, શનિ તા. ૨૫,
રવિ તા. ૨૬ નવેમ્બર, ૧૯૮૯

સ્થળ: કલિકુંડ તીર્થ, ધોળકા (જિ. અમદાવાદ)

અખિલ ભારત જૈન પત્રકારોનું અધિવેશન ૧૯૮૯ના નવેમ્બર માસમાં શુક્રવાર તા. ૨૪, શનિવાર તા. ૨૫ અને રવિવાર તા. ૨૬મીના રોજ કલિકુંડ તીર્થ, ધોળકા ખાતે યોજવા વિચાર્યુ છે. સમગ્ર દેશના જૈન પત્રકારો ત્રણેક દિવસ માટે ચર્ચા-વિચારણા કરીને દેશ-વિદેશમાં ભગવાન મહાવીરના "અહિંસા અને કરૂણાના આદર્શોને લક્ષમાં રાખીને" "જૈનધર્મ અને જૈનોના વિકાસ માટે શું થઇ શકે" એ વિષય પર યોગ્ય માર્ગદર્શન આપે એ જરૂરી છે. એ માટે સહચિંતન આવશ્યક છે.

જૈનો સમગ્ર વિશ્વમાં ત્યાગ અને તપ માટે સુપ્રસિદ્ધ છે. તીર્થંકરોએ પોતાના જીવનને આ બે પ્રવાહમાં સ્થિર કરી આત્મદર્શન કર્યું હતું. સ્વામીવાત્સલ્ય જેવી ધાર્મિક જોગવાઈ અન્ય સંપ્રદાયોમાં હજી જોવા મળી નથી. સધર્મી સર્વ એક જ માંડવે ભેગા થાય અને સાથે બેસીને અન્નદેવતાની આરાધના કરે એવી ત્યાગપૂર્ણ વૈજ્ઞાનિક વ્યવસ્થા માત્ર જૈન સંપ્રદાયમાં જ વણી લેવામાં આવી છે. ત્યાગનો અહમ નહીં અને તપનો તિખારો નહી. આ સત્યના પાયા પર તો માનવચેતના ઊભી છે. દાન એ જૈનો માટે કોઈ વિશેષ કર્તવ્ય હોય એવું ભારણ નથી, એ ગળથૂથીની જ સહજ સંસ્કારિતા છે. આપી છૂટવું એ તો જૈનોને મન રોજિંદો સાત્વિક અભ્યાસ છે. સમગ્ર દેશના જૈન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પત્રકારો, જૈન શ્રેષ્ઠીઓની નિશ્રામાં એકત્ર થાય એ આજના સમયની માગ છે, માટે અખિલ ભારત જૈન પત્રકાર અધિવેશનના કાર્યમાં આપના સાથસહકાર માટે અમે સ્વજન સમજીને નિમંત્રણ પાઠવીએ છીએ.

(૧) આપની જાણમાં હોય તે જૈન પત્રકારોના નામ અને પુરૂં સરનામું અમને તુરત જ મોકલવા વિનંતી છે.

(૨) આપના જૈન પત્ર તરફથી કેટલા પ્રતિનિધિ આ પ્રસંગે ઉપસ્થિત રહેશે તે અંગે દશ દિવસમાં પત્ર લખી રજિસ્ટ્રેશન ફોર્મ મંગાવવા વિનંતી છે.

(૩) જૈન પત્રોના પ્રદર્શન માટે આપના જૈન પત્રની પ્રત તુરત જ મોકલી ઉપકૃત કરશો.

આપના પ્રતિભાવની અમને પ્રતિક્ષા છે. આપ રચનાત્મક અને સક્રિય સહયોગ આપશો જ તેવી દઢ શ્રદ્ધા છે.

સ્વાગત સમિતિ : લાલભાઈ દેવચંદ શાહ (પ્રમુખ)
પરામર્શક સમિતિ : ડૉ. કુમારપાળ દેસાઈ (પ્રમુખ)
અનિલભાઇ ગાંધી (ઉપપ્રમુખ)
મુખ્ય સંયોજિકા : ગીતા જૈન

: પત્રવ્યવહારનુ સરનામું :

રાજેન્દ્ર કલ્યાણભાઈ શેઠ (સબ એડિટર, ગુજરાત સમાચાર) એ/૩, પુષ્પાંજલી સોસાયટી, પાલડી બસસ્ટેન્ડ પાસે, અમદાવાદ-૩૮૦૦૦૭ ફોન:૭૬૪૨૧

## અગિયારમો જૈન સાહિત્ય સમારોહ

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ઉપક્રમે અગિયારમો જૈન સાહિત્ય સમારોહ પૂ. મુનિશ્રી જંબુવિજયજી મહારાજ સા. ની નિશ્રામાં આગામી ઓક્ટોબર માસમાં ચારૂપ (તા. પાટણ, જિ. મહેસાણા) મુકામે યોજવામાં આવશે. આ અંગેનો વિગતવાર કાર્યક્રમ હવે પછી જાહેર કરવામાં આવશે. આ સમારોહ શ્રી દામજીભાઈ એન્કરવાળા અને બંધુઓના સહયોગથી યોજાઈ રહ્યો છે, એમ વિદ્યાલયની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## જિનેન્દ્રભક્તિ મહોત્સવ

ઉત્તર ગુજરાત પાટણ ખાતે સાગર ઉપાશ્રયમાં ચોમાસું રહેલ મુનિરાજશ્રી નીતિસાગરજીની નિશ્રામાં ચોમાસા દરમ્યાન અત્રેના જુદા જુદા જિનાલયોમાં જિનેન્દ્રભક્તિ સ્તોત્ર અઠ્ઠમ, આયંબિલ, વ્યાખ્યાન નિયમિત ચાલુ છે. તે સિવાય સમૂહ અઠ્ઠમ, છઠ્ઠ ૭૨ કલાકના અંખડ જાપ પર્યુષણપર્વમાં આઠે દિવસ ઉલ્લાસપૂર્વક આરાધના તથા તથા રથયાત્રાનું ભવ્ય આયોજન, દર રવિવારે જાહેર પ્રવચનનું આયોજન સારી રીતે થયેલ.

—મુનિરાજ શ્રી નીતિસાગર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્યુષણ પર્વ નિમિત્તે શિકાગોમાં
## ડૉ. કુમારપાળ દેસાઇનું ભવ્ય સન્માન

મેટ્રોપોલીટન શિકાગોની જૈન સોસાયટી દ્વારા જૈન દર્શનના ચિંતક ડૉ. કુમારપાળ દેસાઇની સતત આઠ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળાને અંતે સોસાયટીના પ્રમુખ શ્રી ઉત્તમભાઇ જૈને કહ્યું કે શિકાગોમાં આજ સુધી આવી રોચક, માર્મિક અને તત્ત્વદર્શી વ્યાખ્યાયમાળા યોજાઈ નથી. એ પછી કલ્પસૂત્ર વિશેના પ્રવચનને અંતે ડૉ. રમેશ ગાર્હી અને શ્રી રમેશ સોલંકીએ અભિવાદન કરતાં કહ્યું કે આજથી ૯૭વર્ષ પૂર્વ શિગાગોની વર્લ્ડ રીલીજીયન કોન્ફરન્સમાં જૈનદર્શનની જ્યોત પ્રગટાવનાર વીરચંદ ગાંધીના સાચા અને તેજસ્વી વારસદાર શ્રી કુમારપાળ દેસાઇ છે. શિકાગોમાં ડૉ. કુમારપાળ દેસાઇના પંદર પ્રવચનો યોજાયા હતા. તેમજ શિકાગો રેડિયો પરથી પણ તેમના પ્રવચનો પ્રસારિત થયા હતા.

# સ્વર્ગવાસ નોંધ

શ્રી પ્રતાપરાય હીરાચંદ શાહ ઉં, વ. ૬૧ તા. ૧૦/૧૦/૮૯ના રોજ ભાવગગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતાં. ધાર્મિક વૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતાં. તેમના કુટુંબીજનો પર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ તેઓશ્રીના આત્માને પરમ શાંતિ મળે એવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ.

- હૃદય એક ઘડા જેવું છે, ઘડાને ભરાવા માટે જેમ નમાવવો પડે છે તેમ હૃદયના ઘડાને નમાવ્યા વગર સદ્‌ગુણના જળને પામી શકાય નહિ.
- ગુણ વગરનું જીવન નિર્ગુણ એટલે અવગુણોની દુર્ગંધ મારતું જીવન.
- ફૂલમાં રહેલી સુગંધ બધાયને આકર્ષે છે તેમ હૃદયના ફૂલમાં સદાચરણ અને સદ્‌વ્યવહારની સુગંધ દરેકને હંમેશાં આકર્ષે છે.
- નમે એ સહુને ગમે.
- વિનય હોય તો નમન થાય તો જ મનન થઇ શકે અને મનન કરે ત્યારે જ જીવનનું અમૃત મેળવી શકાય. પરિણામમાં સર્વ પ્રાપ્તિનું મૂળ એક જ વિનય અને એટલે જ વિનય ગુણ મોટો.
- પોતાની ભૂલ માણસને મુંગા કરતાય વધુ મૂંગો બનાવે છે, જ્યારે પારકી ભૂલ એને બોલકા કરતાય વધારે વાચાળ બનાવે છે.
- એટલું ન ભુલશો કે તમે સામા પાસેથી જેવા વાણી અને વર્તનની આશા રાખો છો, એવા જ વાણી અને વર્તનની આશા સામો પણ તમારી પાસેથી રાખે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Regd. G. BV. No. 31

શુભ કામના

# ઘર ઘર દીપ જલે

દીપાવલી આવશે અને ચાલી જશે. મોઢેથી શુભેચ્છાનું ઉચ્ચારણ કરશો, કલમથી શુભેચ્છા કાર્ડ પર સહી કરશો. પરંતુ જો તમે નિરાશ માણસોમાં આશા ન ભરી શકો, કોઈની અંધારી કોટડીમાં સહયોગનો દીવો ન પેટાવી શકો તો દિવાળી અધૂરી છે.

ઘરમાં દીવો કરી મંદિરમાં દીવો કરીએ છીએ. પહેલા અંતરના આવાસના અંધારાંને જ્ઞાન રૂપી દીવાથી અજવાળો. ક્રુરતાના અંધકારને કરુણાના દીપથી હઠાવો, વૈર-વિરોધના કચરાને સાફ કરીને પ્રેમનો દીપક પ્રગટાવો તો તમારે સદાય દીવાળી છે.

જો આપણો બંગલો દીવાઓથી પ્રકાશિત થાય અને બીજાના આંગણમાં અંધારૂ રહે તો આપણે સાચી દિવાળી મનાવી નથી. જો દીવો પ્રેમ, સહયોગ અને કરુણાથી પ્રગટે તો દિવાળીનો સાચો આનંદ મળે.

અસત્ પર સત્નો વિજય, અંધકાર પર પ્રકાશનો વિજય, જ્ઞાનથી અજ્ઞાનનો નાશ તે દીપાવલી છે. દીવાની હારમાળાની માફક જીવનમાં ગુણોની હારમાળા પ્રગટાવવાની પ્રેરણા દીવાળી આપે છે.

એક દીવો બીજા દીવાને પ્રગટાવે છે, તેમ તમારે બીજાને મદદગાર થઇ બીજાના દુ:ખ, ગરિબાઈ, નિરાશા, હતાશા અને અભાવને મટાડવા તત્પર થવાનું છે અમારી શુભકામના છે કે દરેકના અંતરમાં દીવા પ્રગટો પ્રેમના અને સ્નેહના.

સં. ૨૦૪૯ની 'જીવન સાધના' માંથી સાભાર



તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પર્યુષણ પર્વ નિમિત્તે શિકાગોમાં
## ડૉ. કુમારપાળ દેસાઇનું ભવ્ય સન્માન

મેટ્રોપોલીટન શિકાગોની જૈન સોસાયટી દ્વારા જૈન દર્શનના ચિંતક ડૉ. કુમારપાળ દેસાઇની સતત આઠ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળાને અંતે સોસાયટીના પ્રમુખ શ્રી ઉત્તમભાઇ જૈને કહ્યું કે શિકાગોમાં આજ સુધી આવી રોચક, માર્મિક અને તત્ત્વદર્શી વ્યાખ્યાયમાળા યોજાઈ નથી. એ પછી કલ્પસૂત્ર વિશેના પ્રવચનને અંતે ડૉ. રમેશ ગાર્ડી અને શ્રી રમેશ સોલંકીએ અભિવાદન કરતાં કહ્યું કે આજથી ૯૭વર્ષ પૂર્વ શિગાગોની વર્લ્ડ રીલીજીયન કોન્ફરન્સમાં જૈનદર્શનની જ્યોત પ્રગટાવનાર વીરચંદ ગાંધીના સાચા અને તેજસ્વી વારસદાર શ્રી કુમારપાળ દેસાઇ છે. શિકાગોમાં ડૉ. કુમારપાળ દેસાઇના પંદર પ્રવચનો યોજાયા હતા. તેમજ શિકાગો રેડિયો પરથી પણ તેમના પ્રવચનો પ્રસારિત થયા હતા.

## સ્વર્ગવાસ નોંધ

શ્રી પ્રતાપરાય હીરાચંદ શાહ ઉં, વ. ૬૧ તા. ૧૦/૧૦/૮૯ના રોજ ભાવગગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતાં. ધાર્મિક વૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતાં. તેમના કુટુંબીજનો પર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ તેઓશ્રીના આત્માને પરમ શાંતિ મળે એવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ.

- હ્રદય એક ઘડા જેવું છે, ઘડાને ભરાવા માટે જેમ નમાવવો પડે છે તેમ હ્રદયના ઘડાને નમાવ્યા વગર સદ્‌ગુણના જળને પામી શકાય નહિ.
- ગુણ વગરનું જીવન નિગુર્ણ એટલે અવગુણોની દુર્ગંધ મારતું જીવન.
- ફૂલમાં રહેલી સુગંધ બધાયને આકર્ષે છે તેમ હ્રદયના ફૂલમાં સદાચરણ અને સદ્‌વ્યવહારની સુગંધ દરેકને હંમેશાં આકર્ષે છે.
- નમે એ સહુને ગમે.
- વિનય હોય તો નમન થાય તો જ મનન થઇ શકે અને મનન કરે ત્યારે જ જીવનનું અમૃત મેળવી શકાય. પરિણામમાં સર્વ પ્રાપ્તિનું મૂળ એક જ વિનય અને એટલે જ વિનય ગુણ મોટો.
- પોતાની ભૂલ માણસને મુંગા કરતાય વધુ મૂંગો બનાવે છે, જ્યારે પારકી ભૂલ એને બોલકા કરતાય વધારે વાચાળ બનાવે છે.
- એટલું ન ભુલશો કે તમે સામા પાસેથી જેવા વાણી અને વર્તનની આશા રખો છો, એવા જ વાણી અને વર્તનની આશા સામો પણ તમારી પાસેથી રાખે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Regd. G. BV. No. 31

## શુભ કામના

# ઘર ઘર દીપ જલે

દીપાવલી આવશે અને ચાલી જશે. મોઢેથી શુભેચ્છાનું ઉચ્ચારણ કરશો, કલમથી શુભેચ્છા કાર્ડ પર સહી કરશો. પરંતુ જો તમે નિરાશ માણસોમાં આશા ન ભરી શકો, કોઇની અંધારી કોટડીમાં સહયોગનો દીવો ન પેટાવી શકો તો દિવાળી અધૂરી છે.

ઘરમાં દીવો કરી મંદિરમાં દીવો કરીએ છીએ. પહેલા અંતરના આવાસના અંધારાંને જ્ઞાન રૂપી દીવાથી અજવાળો. ક્રૂરતાના અંધકારને કરુણાના દીપથી હઠાવો, વૈર–વિરોધના કચરાને સાફ કરીને પ્રેમનો દીપક પ્રગટાવો તો તમારે સદાય દીવાળી છે.

જો આપણો બંગલો દીવાઓથી પ્રકાશિત થાય અને બીજાના આંગણમાં અંધારૂ રહે તો આપણે સાચી દિવાળી મનાવી નથી. જો દીવો પ્રેમ, સહયોગ અને કરુણાથી પ્રગટે તો દિવાળીનો સાચો આનંદ મળે.

અસત્ પર સત્નો વિજય, અંધકાર પર પ્રકાશનો વિજય, જ્ઞાનથી અજ્ઞાનનો નાશ તે દીપાવલી છે. દીવાની હારમાળાની માફક જીવનમાં ગુણોની હારમાળા પ્રગટાવવાની પ્રેરણા દીવાળી આપે છે.

એક દીવો બીજા દીવાને પ્રગટાવે છે, તેમ તમારે બીજાને મદદગાર થઇ બીજાના દુ:ખ, ગરિબાઈ, નિરાશા, હતાશા અને અભાવને મટાડવા તત્પર થવાનું છે અમારી શુભકામના છે કે દરેકના અંતરમાં દીવા પ્રગટો પ્રેમના અને સ્નેહના.

સં. ૨૦૪૯ની ‘જીવન સાધના’ માંથી સાભાર



તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only